




અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

# અવધ ટાઇમ્સ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૦૭-૦૮-૨૦૨૪ બુધવાર



૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
૬૩,૨૫૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૦૫-૦૮-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ શ્રાવણ સૂદ ૩ વર્ષ : ૨૮ અંક ૩૦૬







### જો આરોપીને કાયદામાં નક્કી કર્યા મુજબની સજા કરવામાં ન આવે તો આવા ગુનાઓનું પ્રમાણ સમાજમાં વધતુ રહેશે : ધારીનાં સ્પેશ્યલ પોક્સો જજ શ્રી એમ.એન.શેખ

# બળાત્કારનાં ગુનામાં ૨૫ વર્ષની સજા ફટકારતી ધારી કોર્ટ

**સગીરા અને આરોપીની વય તફાવત જોતા આ પ્રેમ સબંધ નહીં પરંતુ વાસના અને હવસનો સબંધ કહી શકાય : અધિક જિલ્લા સરકારી વકીલ શ્રી વિકાસ વડેરાની દલીલો માન્ય રહી**

**સગીરાને કોર્ટે આરોપીને ૨૫ વર્ષની સખત કેદ અને પાંચ લાખનો દંડ ફટકાર્યો : દંડ ન ભરે તો વધુ બે વર્ષની સાદી કેદ : પોક્સો એક્ટની કલમ-૪ માં દસ વર્ષની સખત કેદ ફટકરાઇ**



એડવોકેટ શ્રી વિકાસ વડેરા

અમરેલી,ધારી તાલુકાનાં દિતલા ગામે રહેતી સગીરા સાથે સીમમાંથી વાલીપણામાંથી તા.૬-૧૦-૨૦૧૭નાં ભગાડીજઈ જુદી જુદી જગ્યાએ લઈ જઈ શરીર સબંધ બાંધી બળાત્કાર ગુજારતા જુનાગઢનાં આરોપી પરેશ ઉર્ફે પ્રવિણ શંકરભાઈ વારસુરની પોલીસે અટકાયત કર્યાબાદ કોર્ટમાં ચાર્જશીટ કરેલ ઉપરોક્ત કેસ ધારી સ્પેશ્યલ પોક્સો કોર્ટમાં મેજીસ્ટ્રેટ એમ.એન.શેખ સમક્ષ ચાલી જતા સરકારી પીપી વિકાસભાઈ વડેરાની ધારદાર દલીલોને કોર્ટે ગ્રાહ્ય રાખી પોક્સો એક્ટની કલમ-૬ અન્વયે ગુના સબબ દોષીત ઠેરવી આરોપીને ૨૫ વર્ષની સખ્ત કેદની સજા અને પાંચ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો અને જો દંડ ન ભરે તો વધુ બે વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરેલ તથા પોક્સોની કલમ ૪ અન્વયે દોષીત ઠેરવી આરોપીને દસ વર્ષની સખત કેદની જેલ તથા ૫૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો. દંડ ન ભરે તો વધુ એક વર્ષની સાદી કેદની સજા ભોગવાનો હુકમ કર્યો હતો. ધી ગુજરાત વિક્ટીમ કેમ્પેન સેશન સ્કીમ ૨૦૧૯ સાથે વાંચતા ધી પ્રોટેક્શન ઓફ ચિલ્ર્ડન ફોર્મ સેક્યુઅલ ઓફેન્સ રૂલ્સ ૨૦૨૦નાં નિયમ-૯ (૨) મુજબ પાંચ લાખ વચગાળાનું વળતર મળી રહે તે સાથે હુકમ કરેલ છે.

### આઇસર જતુ હતું અને સલડી ગામ નજીક બનેલી ઘટના

## લીલીયાનાં સલડી ગામ નજીક તેલ ભરેલા આઇસરનું ટાયર ફાટતા અકસ્માત સર્જાયો

**આઇસર પલટી ખાઇ જતા લોકો દોડી ગયાં : ચાલકને ઇજા**



અમરેલી,
લીલીયાનાં સલડી નજીક તેલ ભરેલ આઈસરનું ટાયર ફાટતા આઈસર પલ્ટી ખાઈ ગયું હતું. આ બનાવની લોકોને જાણ થતા લોકો મદદે દોડી ગયાં હતાં. લીલીયા તાલુકાના સલડી ગામ નજીક અકસ્માતની ઘટના બની હતી આ અકસ્માતમાં તેલ ભરેલ આઈસર નું ટાયર ફાટી જતા આઈસર પલ્ટી મારી ગયું હતું. આ ઘટનાની જાણ થતા ત્યાં આસપાસના વાડી વિસ્તારમાં રહેતા લોકો દોડી આવ્યા હતા અને અને તાત્કાલિક ૧૦૮ ની મદદ માટે બોલાવી હતી. આ અકસ્માતમાં ચાલકને ઈજા પહોંચતા સારવાર માટે અમરેલી ખસેડાયા હતા.

### દોઢ વર્ષથી દિકરી રિસામણે હતી

## પોલીસ સ્ટેશન બેઇઝડ સપોર્ટ સેન્ટર અને પીઆઇ શ્રી સોનીની સમજાવટથી દિકરીનો સંસાર તુટતા બચી ગયો

**તને કંઇક વળગાડ છે અમારે રાખવી નથી તેમ કહી કાઢી મુકેલી**



અમરેલી,
અમરેલી જિલ્લાના એક નાનકડા ગામની દીકરીને લગ્નબાદ માત્ર એક જ અઠવાડિયું રાખી અને પતિ સાસુ અને સસરા દ્વારા પિયરમાં એવું કહી અને કાઢી મુકેલ કે તને કંઈક વળગાડ છે જેથી અમારે રાખવી નથી. તું તારા મવતરે જ રહેજે અને મને છૂટાછેડા આપી દે' અને દીકરી દોઢ વર્ષથી પિયરમાં હતી. દોઢ વર્ષ દરમિયાન અનેકવાર દીકરીના માતા-પિતાએ પોતાની દીકરીને તેના પતિ અને સાસરિયા તેડી જાય માટે સામાજિક આગેવાનો દ્વારા સમજાવવાના ઘણાં પ્રયત્ન કર્યા પણ આ દીકરીનો પતિ કોઈ સંજોગોમાં તેડી જવા તૈયાર જ નઈ ખૂબ રાહ જોઈ દીકરીએ કે ક્યાંરેક તેડી જશે પણ દિવસોના બદલે દોઢ વર્ષ ગયું પણ સાસરિયા નો કોઈ જવાબ નઈ દીકરીને બધા સમજાવતા કે હવે આ તારો પતિ તને તેડી નઈ જાય માટે તું છૂટાછેડા કરી દે પણ દીકરી એવું કહેતી કે મારે એક ભવમાં બે ભવ નથી કરવા હું જઈશ તો ત્યાંજ જઈશ' ત્યારબાદ દીકરીના કોઈ નજીકના સગાએ સમજાવવા માટેની અરજી પોલીસ સ્ટેશનમાં આપવાનું કહેલ અને બાદ એક અરજી સમજાવવા માટેની મહિલા પોલીસ સ્ટેશન અમરેલી ખાતે

(અનુ. પાના નં.૩)



















### અમરેલીના રીકડીયા ગામના જમાઇ એવા શ્રી મનિષભાઇ પડશાલા પરિવાર શિકાગોમાં નિયમીત ધર્મકાર્ય દ્વારા સનાતન સંસ્કૃતિને ધબકતી રાખે છે

# અમેરિકામાં ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતો પડશાલા પરિવાર

**વતનથી હજારો કીલોમીટર દુર ઝાકમઝોળ ભર્યા વાતાવરણમાં પણ પરંપરાગત કાર્યો**

**વતનમાં આવીને ધર્મકાર્ય કરતા અમરેલી તાલુકાના રીકડીયા ગામના જમાઇ શ્રી મનિષભાઇ પડશાલા પરિવાર શિકાગોમાં પણ નિયમીત ધર્મકાર્ય દ્વારા સનાતન સંસ્કૃતિને ધબકતી રાખે છે**

**પોતાના નિવાસ્થાને ભુદેવ દ્વારા વિધિવત પુજા પાઠ કરીને હિન્દુધર્મને ઉજાગર કરી રહયા છે**





અમરેલી,(ફીલ્ડરિપોર્ટર) અમરેલી તાલુકાના રીકડીયા ગામના જમાઇ એવા શ્રી મનિષભાઈ પડશાલા પરિવાર અમેરિકાના શિકાગો સીટીમાં રહી અને નિયમીત ધર્મકાર્યદ્વારા આપણી સનાતન સંસ્કૃતિને ધબકતી રાખે છે.

અમેરિકામાં પણ ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા શ્રી પડશાલા પરિવાર દ્વારા વતનમાં આવીને ધર્મકાર્ય થયા જ છે પણ અમરેલી તાલુકાના રીકડીયા ગામના જમાઇ શ્રી મનિષભાઈ પડશાલાપરિવારશિકાગોમાંપણનિયમીત ધર્મકાર્યદ્વારા સનાતન સંસ્કૃતિને ધબકતી રાખે છે. પોતાના વતનથી હજારો કીલોમીટર દુર ઝાકમઝોળ ભર્યા વાતાવરણમાં પણ પોતાના નિવાસ્થાને ભુદેવ દ્વારા વિધિવત પુજા પાઠ કરીને હિન્દુધર્મને ઉજાગર કરી રહયા છે.

## રાજુલાનાં પરજીયા સોની અગ્રણી શ્રી ચિમનલાલ જગડાનું નિધન : ઘેરો શોક

**સદ્દગતની અંતિમ યાત્રામાં બહોળી સંખ્યામાં વેપારીઓ જોડાયાં : તા. ૮મીએ સદ્દગતનું બેસણું**



રાજુલા, (કનુભાઈ વરૂ) રાજુલા નિવાસી પરજીયા પટ્ટણી સોની ચીમનલાલ જીવાભાઈ જગડા ઉંમર વર્ષ ૭૫ તા. ૪/૮/૨૦૨૪ રવિવાર અષાઢ વદ અમાસના રોજ બાપા ચરણ થયેલ છે. તે કેતન, તેમજ નીલમ નિલેશકુમાર થડેશ્વર ના પિતાજી નીરૂબેન નટવરલાલ જીણાદરા સ્વ. કાંતિભાઈ તથા હરેશભાઈ જગડા ના મોટાભાઈ તે ધીરુભાઈ હરિભાઈ સાગર જેસરવાળા ના જમાઈ થાય.

સદગત નું બેસણું તા.૮/૪/૨૦૨૪ ને ગુરૂવાર રોજ બપોરે ૪:૦૦થી ૬:૦૦ ઓદિત્ય સિમ્બર જ્ઞાતિની વાડી બ્રહ્મેશ્વર મહાદેવ મંદિર બાજુમાં બ્રાહ્મણ સોસાયટી રાજુલા ખાતે રાખેલ છે. મો. ૯૧૦૬૮૬૦૦૭૫, ૯૪૨૭૨ ૪૪૬૦૦.

## સિમ્ફની કંપનીનાં નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પહેલા ત્રિમાસિક ગાળાનાં પરિણામ

અમદાવાદ, (રાજેશ મહેતા) સિમ્ફનીના નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પહેલા ત્રિમાસિક ગાળાનાં પરિણામ આ પ્રમાણે છે જેમાં જૂન ૨૦૨૪ સુધીમાં સંચલનોની આવક સંયુક્તપણે ૫૩૧ કરોડ હતી જે જૂન ૨૦૨૩માં ૩૦૨ કરોડ હતી. એટલે કે વાર્ષિક વૃદ્ધિ દર +૭૯% છે. જ્યારે અલગથી જોતાં તે જૂન ૨૦૨૩માં ૧૭૨ કરોડ હતી જે જૂન ૨૦૨૪માં ૩૭૩ કરોડ હતી એટલે કે દર +૧૧૬% છે. સંયુક્તપણે ગ્રોસ માર્જિન અનુક્રમે ૫૧.૨% અને ૪૯.૭% એટલે કે +૧૫૦ બીપીએસ છે જયારે અલગપણે ગ્રોસ માર્જિન અનુક્રમે ૫૨.૮% અને ૫૧.૫% એટલે કે + ૧૩૦ બીપીએસ છે. ઈબીઆઈટીડીએ માર્જિન (બાકીની આવક અને વિદેશી હૂંડિયામણની ખોટ બાદ કરતાં) ક્રમશઃ ૨૧.૯% અને ૯.૩% છે જે +૧૧૭૦ બીપીએસ છે. જ્યારે અલગપણે અનુક્રમે ૨૨.૦% અને ૪.૨% એટલે કે +૧૭૮૦ બીપીએસ છે. વેરા પછીનો નફો જૂન ૨૦૨૪ સુધીમાં ૮૮ કરોડ છે જે ગયે વર્ષે આ ગાળામાં ૨૪ કરોડ હતો એટલે કે +૨૭૦%નો વધારો છે. જે અલગપણે જોતા જૂન ૨૦૨૩ સુધીમાં ૬૯ કરોડ છે જે ગયે વર્ષે આ ગાળામાં ૧૪ કરોડ હતો એટલે કે +૩૭૫%નો વધારો છે. બોર્ડ ઓફ ડિરેક્ટર્સે વચગાળાનું પહેલું ડિવિડન્ડ રૂ.૨ ના દરેક ઈક્વિટી શેર પર રૂ. ૧/- (૧૦૯%) જાહેર કરેલ છે જે ના.વ. ૨૦૨૪-૨૫ માટે રૂ.૯૯.૪૯ કરોડ જેટલી છે. OF ઓગસ્ટ ૨૦૨૪ના રોજ સિમ્ફની લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી નૃપેશ શાહના જણાવ્યા મુજબ ઉપરની બાબતો ઉપરાંત સબસીડીયરીઝનું સંયુક્ત પરફોર્મન્સ જોઈએ તો ઈમ્પ્ટો, મેક્સિકો ખાતે હાઈએસ્ટ ત્રિમાસિક રેવન્યુ હતી તો સીટી, ઓસ્ટ્રેલિયા ખાતે હેડવિન્ડમાં ડિમાન્ડ ચાલુ રહી છે. પ્લાન મુજબ બિઝનેસ ટ્રાન્સફોર્મેશનમાં પ્રગતિ છે. તો જીએસકે, ચાઈનમાં સ્ટ્રોંગ પોઝિટિવ ટોપ-લાઈન અને બોટમ-લાઈન પરફોર્મન્સ છે.

### લોકોનાં પ્રશ્નોનાં નિવારણ માટે લોકદરબાર યોજાતા

## વડિયાનાં લોકદરબારમાં તાલુકા ભરનાં સરપંચોએ વિવિધ પ્રશ્નોનો ઢગલો કર્યો : વડિયાનાં સરપંચ ચુપ કેમ..?

**ઢગલા બંધ પાયાની સમસ્યાથી ઘેરાયેલા વડિયાના લોકો ત્રસ્ત છતાં સરપંચે કોઈ માંગણી જ ના રજુ કરી**

વડિયા, (ભીખુભાઈ વોરા) અમરેલી વિધાનસભા ના વડિયા ખાતે વડિયા કુંકાવાવ તાલુકાના લોકોની મુશ્કેલીઓ દૂર કરવા ગુજરાત વિધાનસભા ના નાયબ મુખ્ય કૌશિકભાઈ વેકરીયા અને નવા ચૂંટાયેલા સાંસદ સભ્ય ભરતભાઈ સુતરીયા દ્વારા મામલતદાર ઓફિસમાં ઉપરના માળે યોજાયો હતો તેમાં સમગ્ર તાલુકાના તમામ ગામોથી કોઈ પણ પક્ષપાત રાખ્યા વગર સરપંચો, આગેવાનો પોતાના ગામ અને વિસ્તાર ના તંત્ર માં અટવાયેલા પ્રશ્નો અને પોતાની માંગણીઓ લઈ આવ્યા હતા તેમાં અનેક રજુવાતો કરેલી હતી જયારે કાર્યક્રમ માં ઘણી મહત્વની ઘટનાઓ જોવા મળી. જેમા કાર્યક્રમ સ્થળે ખુબ અવ્યવસ્થા સર્જાતા સીડી પર લટકતા અરજદારો, વૃદ્ધલોકો જોવા મળ્યા, ઘણા લોકો પ્રશ્નો પૂછવા આવ્યા તે નિરાશ ભીડ જોઈ ને પરત ફરતા જોવા મળ્યા તો ઘણા હોદેદારો હાજર હોવા છતા મૂંગા અને ચૂપ જોવા મળ્યા. આ કાર્યક્રમ બાદ તેની વડિયા લોકોમાં ચર્ચાતી વિગતો જોવા જઈએ તો ઘણા લોકોએ એવા નિવેદનો જાહેરમાં આપતા જોવા મળ્યા કે વડિયા ગામ અનેક સમસ્યાઓથી ઘેરાયેલું છે ગામના સુરગપરા અને કૃષ્ણપરા ના અનેક રસ્તાઓ, ગટર, સ્વચ્છતા, ગંદકી, શિક્ષણ અને વિકાસની સુવિધાઓ બાબતે પ્રશ્નો હોવા છતાં વડિયા સરપંચ સમગ્ર કાર્યક્રમ સામે ઉભા રહીને નિહાળવા આવ્યા હોય ફક્ત એક વડિયા સરપંચ મનીષભાઈ ઢોલરીયા એ કોઈ રજુવાત નોં કરતા સમગ્ર ગામમાં સરપંચ ને કઈ પડી જ નથી! તેવા વહેણો સાંભળવા મળ્યા હતા તો ગ્રામજનો માં તાલુકા પંચાયત સદસ્ય તુષારભાઈ ગણાત્રા, પત્રકાર ભીખુભાઈ વોરા, પૂર્વ સરપંચ છગનભાઈ ઢોલરીયા એ વડિયા ની સમસ્યાઓ ધ્યાને મૂકી હતી તો ગ્રામપંચાયત ના નિલેશભાઈ પરમાર દ્વારા ગ્રામપંચાયત વિરુદ્ધ માં કૃષ્ણપરા ના બિસ્માર કાદવ કીચડ વાળા રસ્તાઓને નવા બનાવવા બાબતે રજુવાત કરતા ગ્રામપંચાયત ના સભ્ય જો ધારાસભ્યના લોકદરબાર માં ગ્રામપંચાયત વિરુદ્ધ ફરિયાદ કરતા હોય અને ધારાસભ્ય મોટી જનસંખ્યા વચ્ચે સરપંચ પાસે કામની ઉઘરાણી કરતા હોય ત્યારે સરપંચ ને ગામના વિકાસ કાર્યો માટે કંઈક મુશ્કેલીઓ છે જ તેવુ સાબિત કરે છે. ત્યારે સરપંચ ને ચૂંટાયા ના બે વર્ષથી વધુ સમય થયો પરંતુ વડિયા ગામમાં વિકાસના નામે મીંડુ જોવા મળી રહ્યું છે અને ગામના લોકો અનેક સમસ્યાઓથી પીડાઈને સરપંચ ને મત આપી પસ્તાઈ રહ્યા કહેતા જોવા મળ્યા છે. ગામ માં સરકારી ગ્રાન્ટ ના બદલે લોકો ફાળા ઉઘરાવી કાર્યો થાય છે ત્યારે સરકારી ગ્રાન્ટ વાપરવામાં વડિયા સરપંચ ને કેમ પેટના દુખાવા થાય છે તે તો એમનો અંતર આત્મા જ જાણે આ સમગ્ર ઘટના પરથી ગામલોકો ણો સરપંચ પ્રત્યે ણો વિરોધ જોતા એવું લાગી રહ્યું છે કે આવનાર દિવસોમાં વડિયાના લોકો જ સરપંચને કામ ના કરવા તો રાજીનામુ આપો આવુ રોકડું પારખાવે તો નવાઈ નહિ. આ બાબતે નાયબ મુખ્ય દંડક ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા આગળ આવી વડિયાના લોકોના પ્રશ્નો સંભાળી વિકાસ તરફ ધ્યાન આપે તેવુ વડિયા ના લોકો ઈચ્છા દર્શાવી રહ્યા છે.

### જાફરાબાદ તાલુકામાં અતિ વરસાદના કારણે

## ખેડૂત પુત્રોને ખેતરમાં પાકનું સર્વે કરી સહાય ચૂકવવાની માંગણી કરતા શ્રી ટીકુભાઈ વરુ

**રાજ્યનાં કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઇ પટેલને રજુઆત કરી**



વર્તમાન ચોમાસા માં વધુ વરસાદી વાતાવરણ ને લીધે જાફરાબાદ તાલુકાના વિસ્તારમાં અતિવૃષ્ટિ જેવો વરસાદી મોહલના કારણે જાફરાબાદ તાલુકાના ભાડા વડલી ચિત્રાસર ધારાબંદર બલાણા કેરાળા વઢેરા ધેસપુર નાના મોટા સાકરીયા કડીયાળી નાગેશ્રી મીઠાપુર કાગવદર ભટવદર સહિત નાં અમુક વિસ્તારમાં વધુ પડતા વરસાદથી તમામ ખેડૂતોને મગફળી કપાસ ડાંગર જુવાર તલ જેવા પાકોમાં ભારે નુકસાન છે અને આ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ખેતરમાં પાણી ભરેલું હોય અને વરસાદ બંધ ન થતા વિસ્તારના ખેડૂતોને પાક બળવા અને સડવા લાગ્યા છે જેના કારણે ખેડૂતો હેરાન પરેશાન થઈ રહ્યા છે અને હવે ખેડૂતોના ખેતરમાં કંઈ પાકે તેમ ન હોય ને ખેડૂતોએ મોંઘા મોંઘા ખાતર બિયારણ નાખેલ છે અને તેનું નુકસાન ખેડૂત પુત્રોને ન પરવડે માટે જાફરાબાદ તાલુકાના ગામડામાં સરકાર છીએ તાકીદે ખેતરોમાં પાક નું સર્વે કરી અને આ વિસ્તારના ખેડૂતોને સહાય ચૂકવવા કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલને અમરેલી જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ શ્રી ટીકુભાઈવરૂ રજૂઆત કરી હતી.

## લાંચ રૂશ્વતનાં કેસમાં હાઇકોર્ટનો રિપોર્ટેડ અતિ મહત્વનો ચુકાદો

**પોલીસ કર્મચારીનો આરોપમાંથી નિર્દોષ છુટકારો**

અમરેલી, આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર સને-૧૯૯૭માં આ કામનાં ફરિયાદી ભરતભાઈ ભોળાભાઈ કોળી (રાઠોડ) રે.શેખપીપરીયા તા.લાઠી એ આ કામના આરોપી રવજીભાઈ નારણભાઈ મકવાણા તથા જમાલભાઈ મોહમદભાઈ ચૌહાણનાએ આ કામનાં ફરિયાદી ઘરે હતાં. ત્યારે ત્યાં જઈને તેમને લાઠી પોલીસ સ્ટેશનમાં લોકઅપમાં પુરી દીધેલ અને તેમને છોડવા માટે રૂા.એક હજાની લાંચ માંગેલ હતી. જે વાત ફરિયાદીને નહીં ગમતા તેમણે એસીબી પોલીસ સ્ટેશનનાં ઈન્સ્પેકટર સમક્ષ આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ આપેલી અને ઈન્સ્પેક્ટર દ્વારા છટકુ ગોઠવવામાં આવેલ હતું. જેમાં આરોપી રવજીભાઈ નારણભાઈ મકવાણા તથા જમાલભાઈ મોહમદભાઈ ચૌહણનાએ આવી રકમ સ્વિકારી હોવાનો તેવો ઉપરોક્ત દર્શાવેલ બંને આરોપીઓ ઉપર આક્ષેપ હતો. ઉપરોક્ત કેસ અમરેલીનાં સ્પેશ્યલ કોર્ટ (ફાસ્ટ્રેક્ટ કોર્ટ) સમક્ષ ચાલી જતા બંને આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો કોર્ટે હુકમ કર્યો હતો. જે હુકમ સામે સરકાર શ્રી દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં ક્રિમીનલ અપીલ નં. ૨૧૨૨/૨૦૦૬થી અપીલ દાખલ કરેલ હતી જે અપીલમાં પુરાવાનાં અંતે હાઈકોર્ટ દ્વારા રદ કરી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપીઓ તરફે એડવોકેટ રથિનભાઈ રાવળ તથા સ્પેશ્યલ કોર્ટમાં કેસ ચલાવનાર મુખ્ય એડવોકેટ ગીરીશભાઈ એમ.દવે પણ હાઈકોર્ટમાં સાથે રહ્યાં હતાં.


મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા
ફોજદારી પરચુરણ અરજી નં. ૧૬૩-૨૦૨૪............મુ.તા.૨૯-૦૮-૨૦૨૪
અરજદાર : ઘનશ્યામભાઈ પરશોતમભાઈ વેકરીયા રહે.નાના વિસાવદર, તા.ખાંભા
અરજદારના વિ.વ.શ્રી આર.આર.હરીયાણી
વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી નાના વિસાવદર, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના પિતરાઈ બહેન હંસાબેન મઘુભાઈ વેકરીયાનો જન્મ તા.૦૧-૦૬-૧૯૬૩ નારોજ ગામ નાના વિસાવદર તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પિતરાઈ બહેનના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૨૯-૦૮-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૨૬-૦૭-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

તૈયાર કરનાર ડી.એમ.કલસરીયા આસી. | મુકાબલ કરનાર ડી.જે.પઠાણ આસી. | કોર્ટનો સિક્કો | હુકમ થી એ.એસ.દવે રજીસ્ટ્રાર ખાંભા



**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૨૧/૨૦૨૪......................તા.૦૩-૦૮-૨૦૨૪
અરજદારશ્રી :- ૧. અશોકભાઈ ભીમજીભાઈ ડોબરીયા રહે.કલ્યાણપુર (ગાધકડા), તા.સાવરકુંડલા,
૨.અરજદારના વિ.વકીલશ્રી : અનિશાબેન જે.સાવલીયા રહે.શિવ કોમ્પલેક્ષ, મામલતદાર કચેરી સામે, તા.સાવરકુંડલા, જી.અમરેલી
સામાવાળા :- ૧. તલાટીકમ મંત્રીશ્રી ગાધકડા ગ્રામ પંચાયત, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચિત કરવામાં આવે છે કે, અરજદારશ્રી પુત્રી સારીકાબે અશોકભાઈ ડોબરીયાનો જન્મ તા.૧૫-૦૬-૧૯૯૭ ના રોજ મુ.કલ્યાણપુર (ગાધકડા), તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૩-૦૯-૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે. આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવુ. આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે. વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉક્ત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે. નોંધ :(૧) વર્ષ ૧૯૯૬ થી ૧૯૯૮ સુધીનું રેકર્ડ રજુ કરવુ. આજ તા.૦૩-૦૮-૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા



... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો નંબર પ્લેટ + PUC
**સૌનપાલ ઓટો એડવાઈઝર્સ**
RTO એડવાઈઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર +પાસીંગ — ગાંધી બાગ પાસે, જય કોમ્પલેક્ષ, અમરેલી ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC — પંચવટી કોમ્પલેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫



**સ્પે. કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન**
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ

પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફ્લાઇટ બુકિંગ • વિઝા
**મિત્સ હોલીડેઝ** ૭૫, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩



**ભાડે આપવાની છે**
સત અમર હોટેલ વાળી જગ્યા ભાડેથી આપવાની છે.
સોનાલીકા ટ્રેક્ટરની સામે, સાવન સીમેન્ટની બાજુમાં, લાઠી રોડ, અમરેલી
-:: સંપર્ક ::-
મો.૯૯૨૫૨ ૧૧૬૬૯, ૭૬૦૦૨ ૩૬૬૬૯



**મકાન વેચાવ છે**
અમરેલીમાં ચિતલ રોડ તપોવન પાર્કમાં ઉપર ત્રણ બેડરૂમ, નીચે બેડરૂમ હોલ, કિચન, ફીક્સ ફર્નિચર, મોટુ ફળીયુ, કલર, પીઓપી કરેલ, ત્રણ બાજુ જગ્યા, અંદાજે ૧ વસા જગ્યામાં સંપુર્ણ સગવડતાવાળુ બંગલા ટાઇપ મકાન વેચવાનું છે
સંપર્ક : મો.૮૨૦૦૬ ૩૮૬૨૪



**ભવાની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

A/C તથા NON A/C ગાડી ભાડે મેળવવા માટે વ્યાજબી ભાવમાં બ્રાન્ડ ન્યુ મારૂતી અર્ટીગા (૭ સીટર) મારૂતી સ્વીફ્ટ ડીઝાયર (૪ સીટર)
સંપર્ક :- ખોડાભાઇ મો.૯૮૨૫૪ ૯૦૫૭૦
લાલભાઇ મો.૯૯૨૪૯ ૯૦૫૭૦



**બે માળનું મકાન વેચવાનું છે**
રેલ્વે સ્ટેશન સામે, જીવન મુક્તેશ્વર મંદિર પાસે, સરદાર પટેલ સોસાયટી, અમરેલી
ચાર વસા જમીનમાં, ૨૦૦ ફુટનો દાર, ગેસ કનેકશન સહિત સંપૂર્ણ સગવડતા ધરાવતુ બે માળનું મોકાનું મકાન કસમાં વેચવાનું છે
સંપર્ક :- મો. ૯૪૨૯૪ ૧૫૯૮૫



અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ

મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેઝોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧



A.P.C.C.S
માત્ર ૨૦ જ મીનીટમાં.. ફક્ત ૯.૯૦% ના વાર્ષિક વ્યાજદરે અને સરળ પ્રક્રિયા દ્વારા ગોલ્ડલોન
ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. - અમરેલી
''પીપલ્સ ભવન'', ફ્રુટ માર્કેટ પ્રથમ માળ, ઇન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી
સંપર્ક : (૦૨૭૯૨) ૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪



**જગ્યા વેચાણથી આપવાની છે**
બેંક, હોસ્પિટલ, શો-રૂમ લાયક જગ્યા પહેલો માળ ''અવલકુંજ'' કોમ્પલેક્ષ જુની કેનેરા બેંકવાળી જગ્યા
સ્થળ : લીલીયા રોડ, પટેલવાડીની સામે, અમરેલી
રસ ધરાવતા વ્યક્તિઓ નીચેના નંબર પર સંપર્ક કરો
મો.૯૯૨૫૨ ૨૬૬૩૮, ૬૩૫૩૬ ૪૨૪૯૭



**જય માતાજી પેસ્ટ કંટ્રોલ સર્વિસ**
10
નિયંત્રણ **ઉધઈ**
ફક ઇમ્પોર્ટેડ કેમીકલથી ગેરંટી સાથે ઉધઈ ટ્રીટમેન્ટ - હાઈટેક પેસ્ટ કંટ્રોલ સર્વિસ | ઉધઈ-માકડ-વાંદા વગેરે દવા છાંટી આપીશું
અજયભાઈ : ૬૩૫૪૮૬૩૫૭૪ / ૬૩૫૪૯૮૪૨૬૧

### હનુમાનપરાના સાંકડા માર્ગ ઉપર જીઆઇડીસીના હેવી વાહનો ચાલતા હોય

# જીઆઇડીસીના વાહનો માટે મોટો ડખ્ખો ઉભો થવાની ભીતી

**અવારનવાર વાહનો માટે નાની મોટી માથાકુટો થઇ રહી છે ગમે ત્યારે આ મામલો મોટો સ્વરુપ લે તેવી આ વિસ્તારના લોકોને દહેશત : કાયમી ઉકેલ લાવવો જરુરી**

**જીઆઇડીસી સામે યક્ષપ્રશ્ન : કાચો પાકો માલસામાન લાવવા મોકલવા માટે પોતાના ભારે તોતીંગ વાહનો ચલાવવા કયાંથી ? : સરકાર રસ લઇને ધ્યાન આપે તે જરુરી**

અમરેલી, (ફીલ્ડ રિપોર્ટર)

અમરેલીમાં એક તરફથી રેલવેનું ગરનાળુ હોય અને બીજી તરફનો ખાનગી માર્ગ અચાનક બંધ થતા એક માત્ર રસ્તા તરીકે હનુમાનપરાના સાંકડા માર્ગ ઉપર જીઆઈડીસીના હેવી વાહનો ચાલતા હોય જીઆઈડીસીના આ હેવી વાહનો માટે મોટો ડખ્ખો ઉભો થવાની ભીતી સ્થાનિક લોકો વ્યકત કરી રહયા છે.

હાલમાં જીઆડીસીના ભારે વાહનો હનુમાનપરાના સાંકડા માર્ગ ઉપર ચાલી રહયા હોય અને અહી શાળાઓના નાના નાના બાળકો પણ અવર જવર કરતા હોવાને કારણે અવારનવાર આ ભારે વાહનો માટે સ્થાનિક રહીશો સાથે વાહનચાલકોને નાની મોટી માથાકુટો થઈ રહી છે અને તેમા ગમે ત્યારે આ મામલો મોટો સ્વરુપ લે તેવી આ વિસ્તારના લોકોને દહેશત છે. અચાનક ઉભી થયેલી અમરેલીની આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવો જરુરી છે. અમરેલીની જીઆઈડીસી સામે યક્ષપ્રશ્ન એ ઉભો છે કે, પોતાનો કાચો પાકો માલસામાન લાવવા મોકલવા માટે પોતાના ભારે તોતીંગ વાહનો ચલાવવા કયાંથી ? સરકાર જીઆઈડીસીને પ્રોત્સાહન આપતી હોય છે અહી તો ચાલી રહેલી જીઆઈડીસી બંધ થઈ જાય તેવો મામલો ઉભો થયો છે ત્યારે સરકાર આ મામલે રસ લઈને ધ્યાન આપે તે જરુરી છે.

## ચાંચ ગામે સહકારી અગ્રણી શામજીભાઈ ચૌહાણનું નિધન થતાં શ્રધ્ધાસૂમન પાઠવતા વિવિધ આગેવાનો

**શ્રી નારણભાઇ કાછડીયા, શ્રી રવુભાઇ ખુમાણ સહિતે સાંત્વનાં પાઠવી**



અમરેલીના પૂર્વ સાંસદ ચાંચ ગામે સહકારી આગ્રાણ્ય શામજીભાઈ ચૌહાણનું દુઃખદ અવસાન થતાં પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા અમરેલી જીલ્લા ભાજપ અગ્રણીએ શ્રી રવુભાઈ ખુમાણ વગેરે સાંત્વના પાઠવવા ગયા હતા તે તસવીરમાં નજરે પડે છે.

### યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત

## ચલાલા ગાયત્રી સંસ્કાર ધામમાં શ્રાવણ માસ નિમિતે શ્રી સોમનાથ મહાદેવની મહાપુજાનો શુભારંભ કરાયો

**સંસ્થામાં બિરાજમાન સોમનાથ મહાદેવની આરતી સહિતનો લાભ લેતા ભાવિકો**



ચલાલા,

ચલાલા ગાયત્રી સંસ્કાર ધામ ખાતે પવિત્ર શ્રાવણ માસમાં સંસ્થામાં બિરાજતા સોમનાથ મહાદેવનાં મંદિરમાં શિવ મહાપુજાનો પ્રારંભ કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ દિવસથી મહાપુજાનો લાભ સંસ્થાનાં વડા પુ.શ્રી ડો.રતિદાદા, મંજુબા, ભારત ભુષણ, મહેશભાઈ મહેતા, શીતલબેન તથા સર્વે શિક્ષકો અને શિવભક્તોને લાભ લેવડાવવામાં આવી રહ્યો છે. આખા શ્રાવણ માસ દરમિયાન દરરોજ મહાપુજા, આરતી, શણગાર વગેરે કરવામાં આવે છે. આ મહાપુજા શાસ્ત્રી શ્રી સનતદાદા દ્વારા કરાવવામાં આવે છે. તેથી સમગ્ર ગ્રામજનો તેમજ આસપાસનાં ભક્તોને દર્શનનો લાભ લેવા જણાવાયું છે.

## ટીંબી-હેમાળ વચ્ચે સ્વિફ્ટ કાર ગાયનાં ટોળા સાથે અથડાઇ : ત્રણ ગાયનાં અને એક વ્યક્તિનાં મોત

**કારમાં મહેસાણા જિલ્લાનાં ચાર વ્યક્તિ હતાં : ત્રણને ઇજા : કાર ચાલકે નશો કર્યો હોવાની આશંકા**





રાજુલા, (જયદેવ વરૂ) જાફરાબાદનાં ટીંબી અને હેમાળ વચ્ચે અકસ્માત સર્જાતા એકનું મોત થયું છે જ્યારે ત્રણને ઈજાઓ થઈ છે. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર જાફરાબાદનાં ટીંબી-હેમાળ વચ્ચે સ્વિફ્ટ કાર ચાલકે પુરપાટ સ્પિડે આવતા વચ્ચે ગાયો હડફેટે ચડતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. કારમાં ચાર વ્યક્તિ બેઠા હતા તે પૈકી એકનું મોત થયું છે. જ્યારે ત્રણને ઈજા થતા સારવારમાં ખસેડાયેલ છે. સામેની તરફ આ અકસ્માતમાં ત્રણ ગાયને કારે હડફેટે લેતા બે ગાયોનાં પણ મોત થયા છે. જેમાં એક ગાય ગંભીર ઈજાગ્રસ્ત હોવાનું જણાવા મળ્યું છે. મરનાર વ્યક્તિ મહેસાણાનાં વિકટા ગામનાં સરદારસિંહ બળવંતસિંહ ઝાલા હોવાનું અને બાબરસિંહ ઝાલા તથા પુરમસિંહ ઝાલાને ઈજાઓ થઈ હોવાની પ્રાથમિક વિગતો બહાર આવી છે. આ કારમાં લોકો નશો કરેલી હાલતમાં હોવાની પણ આશંકા પ્રાથમિક રીતે વ્યક્ત કરવામાં આવી રહેલી છે તે દિવથી આવી રહ્યાં હતાં.

### પશુપાલન વિભાગની વિવિધ યોજનાકીય કામગીરી અનુલક્ષીને

## નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિક વેકરીયા અમરેલીના પશુ દવાખાનાની મુલાકાતે : પશુપાલન સંબંધિત થયેલ કામગીરીની સમીક્ષા કરી

**દવાખાના બનાવવાની જરૂરત હોય તેવા તમામનાં પ્લાન, એસ્ટીમેન્ટ મેળવી કાર્યવાહી હાથ ધરવા સુચના આપી**



અમરેલી,

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક ... શ્રી કૌશિકભાઈ વેકરીયાએ અમરેલીના પશુ દવાખાનાની શુભેચ્છા મુલાકાત કરી હતી. આ સાથે તેમણે સ્થાનિક પશુપાલન સંબંધિત કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે પશુ દવાખાનાની વિવિધ તાંત્રિક કામગીરી, ગુજરાત સરકારના પશુપાલન વિભાગની વિવિધ યોજનાકીય કામગીરી, અમરેલી તાલુકામાં પશુ દવાખાનાના મકાન સહિતની વિગતો મેળવી કામગીરીની સમીક્ષા કરી હતી.

ઉપરાંત પશુ દવાખાના બનાવવાની જરૂરિયાત હોય તેવા તમામ પશુ દવાખાનાના પ્લાન એસ્ટીમેન્ટ મેળવી આગળની કાર્યવાહી ઝડપથી હાથ ધરવા પણ અને દવાખાનાનોને અધ્યતન બનાવવા માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ કરવા પણ સૂચના આપી હતી.

આ સાથે ગુજરાત સરકારની તમામ યોજનાઓ છેવાડાના સુધી પહોંચે તેના માટે પણ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. નાયબ પશુપાલન નિયામકશ્રી ડો. એસ. બી. કુનડીયાએ નાયબ દંડકશ્રીને જરૂરી વિગતોથી અવગત કરાવ્યા હતા.

નાયબ મુખ્ય દંડકશ્રીની આ મુલાકાત દરમિયાન જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ પાથર, અગ્રણી શ્રી પ્રવીણભાઈ માંગરોળીયા, ખીજડીયા (રાદડિયા)ના સરપંચ શ્રી જાદવભાઈ ગળીયા, અગ્રણી શ્રી ચેતનભાઈ ધાનાણી રહ્યા હતા.

### પહેલા પાનાનું

### સંસાર તુટતા

આપી. આ અરજી મહિલા પોલીસ સ્ટેશનમાંજ મહિલા અને બાળ વિકાસ વિભગ ગાંધીનગર દ્વારા ચલતા પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર (મહિલા સહાયતા કેન્દ્ર)માં કાઉન્સેલિંગ માટે મોકલવામાં આવી આ અરજી અનુસંધાન કાઉન્સેલર પારુલબેન મહિડાએ બંને પક્ષની ત્રણ રાખી અને સોની પણ કાઉન્સેલિંગ દરમિયાન સાથે જ રહ્યાં તેમણે ખૂબ સરી-રીતે બંને પતિ-પત્ની તથા પતિના પિતાને પણ સમજાવ્યા કે ઘરસંસાર આ રીતે તોડી નાખવો એ યોગ્ય નથી. અને જે પણ પ્રશ્ન છે એનો સમજીને નિકાલ કરવો એ સમજદારી છે. અને પારુલબેન મહિડા દ્વારા બંને પતિ-પત્નીને એકલા બેસાડીને ખૂબ સારી કાઉન્સેલિંગ કરવામાં આવ્યું અને બંન્ને વચ્ચે આવેલ કડવાશને દૂર કરવામાં મદદ કરી સારું જીવવા માટે સલાહ, સૂચન અને માર્ગદર્શન આપેલ શ્રી સોની અને કાઉન્સેલરની મહેનતથી બંને પતિ-પત્ની આગળનું બધુંજ તુંકરી અને હવે દાંપત્યજીવનની નવી શરૂઆત કરવાના એકબીજાને વચનો આપી બન્ને પતિ-પત્નીએ એકબીજાની ભૂલોને માફ કરી દીધી. અને સુખદ થાયું. દોઢ વર્ષે દીકરીને એમના સસરિએ સેન્ટરમાંથી જ વળાવવામાં આવી પહેલીવાર દીકરીને સાસરીએ વળાવતા હોય એવા ભાવુક દ્રશ્યો જોવા મળ્યા ખરેખર એક ખૂબ સારી કામગીરી કરી શ્રી પી.આઈ.સોની અને મહિલા સહાયતા કેન્દ્રએ એક સંસારને તૂટતાં બચાવી સમાજમાં માનવતાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડેલ છે.

### ઈ-ટેન્ડર નોટીસ

પ્રધાન મંત્રી કૃષિ સિંચાઈ યોજના વોટરશેડ ડેવલોપમેન્ટ કંપોનેટ ૨.૦ હેઠળ અમરેલી તાલુકા ના બાબાપુર ગામમાં વર્કફેઝ અંતર્ગત કરવાના થતા કામો માટે ઓનલાઈન ભાવપત્રક મંગાવવામાં આવે છે, ભાવો ઈ-ટેન્ડરીગ ધ્વારા ભરી શકાશે. ટેન્ડર tender.nprocure.com વેબ સાઈટ પરથી જોઈ, ડાઉનલોડ અને અપલોડ કરવાનુ રહેશે. ટેન્ડર ટુ બી સિસ્ટમ મુજબ ભરવાનું રહેશે. જેમા ટેકનીકલ બીડમાં ટેન્ડર માં જણાવેલ દસ્તાવેજો અલગથી બંધ કવરમાં તારીખ.૨૦/૦૮/૨૦૨૪ સમય:૧૮:૦૦ કલાક સુધીમાં રજી. એડી / સ્પિડ પોસ્ટથી મોકલવાના રહેશે. રૂબરૂ કે કુરીયરથી મોકલેલા ટેકનીકલ બીડ માન્ય ગણાશે નહી વધુ વિગતો માટે વોટરશેડ વિકાસ કમીટી બાબાપુર ની કચેરીના કામ કાજ સમય દરમ્યાન ( જાહેર રજાના દિવસો સિવાય ) સંપર્ક સાધવાનો રહેશે. ટેન્ડર મંજુર કરવા કે નામંજુર કરવાની સંપુર્ણ સતા વોટરશેડ વિકાસ કમીટી બાબાપુર ની રહેશે.

**સરનામું :**

સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ --૨૬/૨૭ કલસ્ટર ઓફીસ
૩૦૧/૩૦૨ ટ્રેડ સેન્ટર, ત્રીજા માળે, સીવીલ હોસ્પીટલ રોડ
મલય ઝેરોક્ષ સામે, તા.જિ.અમરેલી

જિમાહ /અમરે/ ૯૭૬/૨૪

### તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૧૮/૨૦૨૪
અરજદાર :- શ્રી લાખણોત્રા રામભાઈ ભાણાભાઈ રહે.કોવાયા, તા.રાજુલા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી કોવાયા, તા.રાજુલા

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કોવાયા ગામના શ્રી લાખણોત્રા રામભાઈ ભાણાભાઈનો જન્મ તા.૦૫-૦૨-૧૯૫૩ ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી પ્રાણદાસ વી.સરપદડીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૧-૦૮-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.
સ્થળ : રાજુલા
તા.૦૧-૦૮-૨૦૨૪

કોર્ટનો સિક્કો

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

National Programme for Control of Blindness & Visual ImpairmentRun by Government of India

**રમાબેન અનિલભાઇ પારેખ પરિવાર - મુંબઇના આર્થિક સહયોગથી**

**લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)**
તથા
શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સંચાલિત
**સુદર્શન નેત્રાલય-અમરેલી**
ના સંયુકત ઉપક્રમે

**વિના મુલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ**

-: તારીખ :- ૦૮-૦૮-૨૦૨૪ ગુરૂવાર
-: સ્થળ :- લાયન્સ હોલ, પહેલો માળ, જુના માર્કેટીંગ યાર્ડ, હોટલ લોર્ડસ ઈકો ઈનની સામે, અમરેલી.
-: સમય :- બપોરે ૩:૦૦ થી ૫:૦૦

:: વધુ માહિતી માટે :: નિલેશભાઇ ભીલ મો.૯૭૧૪૨ ૨૮૨૬૬
:: પ્રોજેક્ટ ચેરમેન :: લા.વિનોદભાઇ આદ્રોજા - લા.જયેશભાઇ પંડયા મો.૯૮૯૮૦ ૫૨૫૮૧

લા.સાહસભાઇ ઉપાધ્યાય ખજાનચી | લા.મનોજભાઇ કાનાણી પ્રમુખ | લા.ભદ્રેશસિંહ પરમાર સેક્રેટરી

નોંધ :-બપોરે ૩ કલાકથી વહેલા તે પહેલાના ધોરણે કેસની નોંધણી કરવામાં આવશે અને તે મુજબ દર્દીને તપાસવામાં આવશે
નોંધ :- દર્દીઓના ફોન નંબર તથા ચૂંટણીકાર્ડની બે ઝેરોક્ષ નકલ સાથે લાવવી ફરજીયાત છે
**લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) - પરિવાર**

**સંકુલ BA-B.Com.-BBA-BCA-B.Sc.-B.Ed. પ્રવેશ**
**MA-M.Com.-M.Sc.-MBA-MCA-ફાર્મસી-DMLT પ્રવેશ**

- ★ B.Sc. & M.Sc. – માઈક્રોબાયોલોજી – (બાયોટેકનોલોજી – બાયોકેમેસ્ટ્રી )
- ★ BA & MA – સાયકોલોજી – સોસીયોલોજી – ઈંગ્લીશ – ગુજરાતી મિડીયમ
- ★ B.Com & M.Com બન્ને મિડીયમ ★ BBA & MBA - BCA & MCA
- ★ B.Ed. – ગણિત વિજ્ઞાન – એકાઉન્ટ કોમર્સ – ઈંગ્લીશ – ગુજરાતી – સંસ્કૃત
- ★ PG - DMLT માં B.Sc. માઈક્રો – BC – ઝૂલોજી – કેમેસ્ટ્રી ને પ્રવેશ મળશે.

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ (લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 061

**વોટરકુલર - વોટરડીસ્પેન્સર**




૨૪ વર્ષનો બહોળો અનુભવ...

દરેક પ્રકારનાં વોટરકુલર બનાવવા જોવા માટે આજે જ પધારો
તેમજ VOLTAS અને BLUE STAR કંપનીનાં વોટરકુલર અને ડીસ્પેન્સર મળશે

**તુલસી રેફ્રીજરેશન**
છુટક તેમજ હોલસેલ ખરીદવા માટે..
દુ. ૬/૭ - ઓપેરાહાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી
મો.૯૪૨૬૨ ૮૭૦૯૭

વિશ્વાસ "મધુવન" માં, રૂપનો ઉજાસ હર જીવનમાં !



શુધ્ધતા | વિશ્વાસ | સુરક્ષા
હોલમાર્ક | સર્ટીફિકેટ | વિમા કવચ

MGA મધુવન ગોલ્ડ આર્ટ

જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. ☎: 02792 - 222208 : 94264 23006
madhuvan gold art | madhuvangold.in

MARUTI SUZUKI ARENA | BREZZA

WICKEDLY POWERFUL



Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999

Alpha Autolink
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ્ડ ડીલર)
લાઠી રોડ બાયપાસ
અમરેલી

### જાહેર નોટીસનો ખુલાસો



આથી અમો નીચે સહી કરનાર અવનીબેન નિલેશકુમાર મહેતા રહે. સલડી, તા.લીલીયા, જી.અમરેલીવાળા જણાવીએ છીએ કે તા.૬-૮-૨૪ ના અવધ ટાઇમ્સમાં દિવ્યેશ નિલેશભાઇ મહેતાના ફોટા સહિત કહયામાં નથી ની જાહેર નોટીસ છપાયેલ છે જે અનુસંધાને અમો ખુલાસો કરીએ છીએ કે અમો દ્વારા શરતચુકથી આ નોટીસ દેવાય ગયેલ હતી અને ભુલથી અપાઇ ગયેલ છે અહીં દર્શાવેલ ફોટાવાળો વ્યક્તિ અમારો પુત્ર દિવ્યેશ અમારા કહયામાં જ છે અને અમોને આ અમારા પુત્ર દિવ્યેશભાઇ સાથે કોઇપણ પ્રકારનો વાંધો વચકો નથી તેની જાહેર જનતા તથા અમારા સગા સબંધીઓએ નોંધ લેવી. તા.૬-૮-૨૪ ના રોજ છપાયેલ કહયામાં નથી ની નોટીસ અમો પાછી ખેંચી લઇએ છીએ.

તારીખ : ૦૬-૦૮-૨૦૨૪
સ્થળ : અમરેલી

લી.અવનીબેન નિલેશભાઇ મહેતા
મુ.અમરેલી

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
# અવધ ટાઇમ્સ
તા.૦૭-૦૮-૨૦૨૪ બુધવાર

## આઇસીઆઇસીઆઇ બેન્કમાં ટ્રેડીંગનું કામ કરૂ છું તેવું કહી

# અમરાપુરમાં સ્વામિ નાયરાણ મંદિરના ગાદી પતિ સાથે રૂા. ૨૮ લાખ ઉપરાંતની છેતરપિંડી

### અમરેલીના અને મુળ ઢેબરના શખ્સે અલગ અલગ ટ્રાન્ઝેકશન કરાવી સ્વામીને ખંખેર્યા

અમરેલી,(ક્રાઇમ રિપોર્ટર)અમરાપુર સ્વામિ નારાયણ મંદિરના ગાદીપતિ અક્ષરવલ્લભસ્વામી ગુરૂ પુરાણી સ્વામી હરિપ્રિયદાસજી પાસે જઇ અમરેલીના મુળ વિસાવદર તાલુકાના ઢેબર ગામના વૃષિભાઇ પ્રવિણભાઇ પંડયાએ જઇને પોતે આઇસીઆઇસીઆઇ બેન્કમાં ટ્રેડિંગનું કામ કરૂ છું અને તમો ટ્રેડિંગમાં રૂપિયાનું રોકણ કરો જેથી તમોને ડબલ રકમ ૨૦થી ૨૫દિવસપરતઆપશુંતેવી વાતચીત કરી સ્વામીને વિશ્વાસમાં લઇ સ્વામી તથા અન્યના જોઇન્ટ એકાઉન્ટ બેન્ક ઓફ બરોડા અમરાપુર શાખા એકાઉન્ટ નંબર ૧૬૦૧૦૧ ૦૦૦૦ ૨૭૫૭ના ચેક નં.૫૦૧૧૦૩ થી રૂા. ૪,૦૦,૦૦૦નો ચેક તથા ફરિયાદીના સ્વામી નારાયણ મંદિરના ખાતાનું ફરિયાદી તથા સાહેદનું જોઇન્ટ એકાઉન્ટ બેન્ક ઓફ બરોડા અમરાપુર શાખાના એકાઉન્ટ નં. ૧૬૦૧૦૧ ૦૦૦૦૦ ૮૦૦ના ચેકનં.૮૪ થી રૂા.૧૯,૫૦,૦૦૦નોચેકલઇફરિયાદીપાસેથીઅલગ અલગ સમયે બેન્ક ટ્રાન્ઝેકશનથી અલગ અલગ રકમના કુલ ૧,૦૦,૦૦૦ તથા ફરી ફરિયાદી સેવક સાહેદ પાસેથી ફરિયાદી વતી રૂપીયા ૫૦,૦૦૦નું ટ્રાન્ઝેકશનથી મેળવી તેમજ ફરિયાદી પાસેથી રોકડ રૂા,૩,૫૦,૦૦૦ સહિત કુલ રૂા. ૨૮,૫૦,૦૦૦ની રકમ ફરિયાદીને વિશ્વાસમાં લઇ મેળવી અને બાદ ફરીયાદીએ પોતાના રૂપિયા માંગતા રોકણ કરેલ રૂપિયા આઇસીઆઇસી આઇ બેન્ક ટ્રેડિંગમાં ડુબી ગયેલ હોવાનું કહી રૂપિયા પોતાના ખર્ચ માટે વાપરી નાખી વિશ્વાસ ઘાત કરી ગુનો કર્યાની વડીયા પોલીસ મથકમાં સ્વામીએ ફરિયાદ નોંધાવી છે.

# અમેરિકા ૨૦૦૮ના પુનરાવર્તનને આરે છે? વૈશ્વિક હવામાનમાં મંદીના સુસવાટા ફૂંકાયા

ઈ.સ. ૨૦૦૮ની મંદી અમેરિકન બેંકો અને મળતિયા રાજકારણીઓનો સંયુક્ત કાંડ હતો. આજથી સોળ વર્ષ પહેલાની અમેરિકાની મંદીમાં લગભગ આખું વિશ્વ સપડાઈ ગયું હતું-સિવાય કે ભારત. ભારતના સદનસીબે ત્યારે ભારતને કોઠાડાહ્યા અને જાણકાર કહી શકાય એવા પીઢ વડાપ્રધાન મળ્યા હતા એટલે ભારતને મંદીની ખાસ અસર ન થઈ. અમેરીકા તેના કરતા પણ મોટા સ્કેલની મંદી તરફ વેગે ધસી રહ્યું છે. ૨૦૦૮ની મંદીની તો રઘુરામ રાજન સહીત ઘણા નિષ્ણાત અર્થશાસ્ત્રીઓએ તેના બે-ત્રણ વર્ષ પહેલા આગાહી કરી હતી. અત્યારનું ચિત્ર સાવ જુદું છે. અમેરીકામાં ચુંટણી માથે છે અને અમેરીકનો એક બાજુ કુવો તો બીજી બાજુ ખાઈ એવી સ્થિતિમાં સપડાયા છે. દરેક મોટા દેશના સ્ટોક માર્કેટ ક્રેશ છે. અમેરિકા સહીતના વિકસિત દેશો અને વિકાસશીલ દેશો પણ મોંઘવારી, ફુગાવો, બેરોજગારી, નાણાનું અવમુલ્યન, સોના અને ક્રુડના ભાવણી અનિશ્ચિતતા વગેરેનો સામનો કરી રહ્યા છે. અમેરીકામાં મંદી આવશે કે કેમ- તે સવાલ અત્યારે આખું વિશ્વ પૂછી રહ્યું છે. ટ્રેજીક કોમેડી એ છે કે આ સવાલનો જવાબ ખુદ અમેરીકાને ખબર નથી.

દેશોની સેન્ટ્રલ બેંકોના ફુગાવાના સંચાલનની નિષ્ફળતા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (છૈં) ના વચન પરથી બંધાયેલા આશાવાદથી ચાલતી આત્મવિશ્વાસપૂર્ણ તેજીનો પરપોટો ફૂટી ગયો છે. બજારો ભયભીત છે. અમેરીકાના વાંકે અડધી દુનિયાના અર્થતંત્ર હલબલી જાય તેવી ભીતિ સેવાઈ રહી છે. વૈશ્વિક શેરબજારો માટે વર્ષની શરૂઆત ઊંચા લેવલથી થઈ હતી. તેનું એક કારણ અમેરીકન અર્થવ્યવસ્થાની સ્થિતિસ્થાપકતા પણ ખરું. શપૈગૈચ, ઈઁની અને સૈબર્જિકા જેવી વિરાટ કંપનીઓએ તેમના વેલ્યુએશનમાં વધારો જોયો, શપૈગૈચ ત્રણ ટ્રિલિયન ડોલરની કંપનીઓની ચુનંદા પંગતમાં જઈને બેઠી. જુલાઈના મધ્ય સુધીમાં તો જીઁ ૫૦૦, શચજગચૂ ર્ભસ-જૈી અને જાપાનના શૈી ૨૨૫ જેવા મુખ્ય ઈન્ડેક્ષ-સૂચકાંકો વિક્રમી ઊંચાઈએ પહોંચી ગયા. રોકાણકારોને ભ્રામક વિશ્વાસ આવ્યો કે વ્યાજ દરો આર્થિક વૃદ્ધિને પાટા પરથી ઉતાર્યા વિના ફુગાવાને સફળતાપૂર્વક નિયંત્રિત કરી રહ્યા છે.

આજ આશાવાદનો ફુગ્ગો સોમવારે ધડામ કરીને ફૂટ્યો. નિરાશાજનક આર્થિક અફડાતફડીની શ્રુંખલા શરુ થઇ ગઈ. જુલાઈમાં રોજગાર અહેવાલ આવ્યો જેમાં નોકરીમાં તીવ્ર મંદી હોવાનું સાબિત થઇ ગયું. સરવાળે અમેરીકન માર્કેટ ઉપરથી રોકાણકારોનો વિશ્વાસ ઉઠી ગયો. બેરોજગારીનો દર વધીને ૪.૩% થયો છે, જે ઓક્ટોબર ૨૦૨૧ પછીનું તેનું સર્વોચ્ચ સ્તર છે. ફેડરલ રિઝર્વે વ્યાજ દરો ખૂબ લાંબા સમય સુધી ખૂબ ઊંચા રાખ્યા હોવાની આશંકાઓ ફરીથી ઘેરી બને છે. અસ્વસ્થતામાં વધારો ત્યારે થયો જયારે ટેક્નોલોજી સંબંધિત કંપનીના શેરોનો ભાવ ઘટ્યા. બજારને એક લેવલ પર જાળવી રાખતી કંપનીઓના ઘટાડો થયો. કહેવાતા 'મેગ્નિફિસન્ટ સેવન' - ટેક જાયન્ટ્સ, જેમણે છૈં હાઇપને કારણે તેમના મૂલ્યાંકનમાં વધારો જોયો હતો, તે મસમોટી કંપનીઓનું પરફોર્મન્સ પૂઅર કેટેગરીમાં આવી ગયું. એકલા શપૈગૈચએ માત્ર બે દિવસમાં ૨૩૮ બિલિયન ડોલર કરતા વધુનું બજારમૂલ્ય ગુમાવ્યું. વોરેન બફેટના બર્કશાયર હેથવેએ કંપનીમાં તેનો હિસ્સો ઘટાડ્યા પછી ઈઁનીના શેરમાં પણ ઘટાડો જોવા મળ્યો.

અશાંતિ માત્ર યુનાઈટેડ સ્ટેટ્સ સુધી મર્યાદિત ન રહી. જાપાનનો નિક્કી ૨૨૫ ઈન્ડેક્સ અત્યાર સુધીનો સૌથી ખરાબ બે દિવસનો ઘટાડો સહન કરી રહ્યો છે, જે ૧૮%થી વધુ ઘટી ગયો અને વર્ષની શરૂઆતમાં મળેલા તમામ લાભો ભૂંસી નાખ્યા. બેન્ક ઓફ જાપાનના તાજેતરના મહિનાઓમાં બીજી વખત વ્યાજદરમાં વધારો નિર્ણયને કારણે માર્કેટમાં સેલિંગની શરૂઆત થઈ અને બધી કંપનીઓના ભાવ ટપોટપ ગગડવા માંડ્યા. આ પગલાએ જાપાનના બજારોને હચમચાવી નાખ્યા. વધુમાં યેન-ફંડવાળા કેરી ટ્રેડ્સનો પણ અંત આવ્યો - જ્યાં રોકાણકારો અન્યત્ર ઉચ્ચ ઉપજ આપતી અસ્કયામતોમાં રોકાણ કરવા માટે યેનમાં ઉધાર લેતા હતા. યેનના મૂલ્યમાં પરિણામી ઉછાળાએ બજારના ઘટાડાને વધુ વેગ

અર્થશાસ્ત્રી ક્લાઉડિયા સાહમના નામ પરથી નામ આપવામાં આવેલા સાહમ રુલ મુજબ જ્યારે ત્રણ મહિનાનો સરેરાશ બેરોજગારીનો દર પાછલા ૧૨ મહિનામાં તેના સૌથી નીચા સ્તરથી અડધા ટકા વધી જાય ત્યારે મંદી નિકટવર્તી છે એવું સમજવું. ગયા વર્ષના ૩.૫%ના નીચા સ્તરની સરખામણીમાં જુલાઈની સરેરાશ ૪.૧% પર પહોંચવા સાથે, સાહમ રુલ સૂચવે કે મંદી દરવાજે ટકોરા મારી રહી છે. જો કે, બધા નિષ્ણાતો સહમત નથી કે મંદી આવશે જ. તેઓ તાજેતરના આર્થિક સંજોગોને વોર્નિંગ એલાર્મ તરીકે જુએ છે. નોકરીની વૃદ્ધિ અને અન્ય આર્થિક ઈન્ડેક્ષમાં હજુ મંદી જ જોવા મળશે એવું પણ તેઓ કહે છે. કેટલાક વિશ્લેષકો માને છે કે જો ફેડરલ વ્યાજ દરોમાં ઘટાડો કરવાના પગલા સત્વરે ન ભરે તો અર્થતંત્ર હજુ પણ મંદીમાં આવી શકે છે. યુ.એસ. માર્કેટની ઉથલપાથલ માત્ર તે દેશ પુરતો મુદ્દો નથી, તેની અસર લગભગ બધા દેશોને પડશે. યુ.એસ. માટે સંભવિત મંદી વ્યાપક આર્થિક મંદીની ચિંતા વધારી રહી છે, જેની સમગ્ર યુરોપ, એશિયા અને ઊભરતાં બજારોમાં અસરો થઈ શકે છે. વધુમાં, ભૌગોલિક રાજકીય જોખમો અનિશ્ચિતતામાં વધારો કરી રહ્યા છે. મધ્ય પૂર્વમાં તણાવ, ખાસ કરીને ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના સંઘર્ષની સંભાવના, તેલ અને અન્ય કોમોડિટીના ભાવમાં અસ્થિરતાનું કારણ બને છે, જે આર્થિક દૃષ્ટિકોણને વધુ જટિલ બનાવે છે. વૈશ્વિક બજારોમાં વર્તમાન પરિસ્થિતિ અનિશ્ચિતતામાંની એક છે. યુ.એસ.માં રોકાણકારો શક્યતા સાથે ઝઝૂમી રહ્યા છે. મંદી, યેન કેરી ટ્રેડ જેવા સટ્ટાકીય વેપારનો અંત અને સંખ્યાબંધ ભૌગોલિક રાજકીય જોખમો. જો કે હજુ પણ કેટલાક સકારાત્મક સંકેતો છે, જેમ કે કેટલાક ક્ષેત્રોમાં સતત વૃદ્ધિ અને ફુગાવામાં ઘટાડો, જોખમો નિર્વિવાદપણે વધી રહ્યા છે. જેમ જેમ આપણે ૨૦૨૪ના ઉત્તરાર્ધમાં આગળ વધીએ છીએ મુખ્ય પ્રશ્ન રહે છે: શું કેન્દ્રીય બેંકો, ખાસ કરીને ફેડરલ રિઝર્વ, મંદી અટકાવવા માટે સમયસર સફળ થશે? કે પછી મંદી બજારોમાં પ્રવેશી ચુકી છે? માત્ર સમય જ કહેશે, પરંતુ અત્યારે રોકાણકારો અને નીતિના ઘડવૈયાઓ માટે સાવધાની એ જ મંત્ર.

# ખાંભા નજીક ડેડાણમાં એક મહિલા સહિત બે ઉપર હુમલો

### ત્રણ શખ્સોએ મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)

ખાંભા તાલુકાના ડેડાણ ગામે હનુમાનજીના મંદિર પાસે ફરીદખાન હાતીમખાન પઠાણ ઉ.વ.૨૨ના પિતાએ તેના ગામમાં દારૂ બંધી કરાવવા જાગૃતિ લાવવા અગાઉ લેખિત બોર્ડ મુકેલ હોય જેનું મનદુઃખ રાખી કુલદિપ કથડભાઇ લાલુએ ફરીદખાનને જમણા પગે પાઇપ વડે મારમારી મુંઢ ઇજા કરેલ તે દરમિયાન રહેમતબેન વચ્ચે પડતાં કુલદિપે ધકો મારી પછાડી જતો રહેલ બાદ ફરીદખાનના ખેતરના શેઢા પાસે કથડ રાવતભાઇ લાલુ તથા એક અજાણ્યા શખ્સે પાઇપ લઇને ઉભેલ હોય કથડે ફરીદખાનને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# રાજુલા ડુંગર ગામે રૂપિયા અઢી લાખમાં લગ્ન કરીને લૂંટેરી દુલ્હન ફરાર થઇ ગઇ

### બે મહિલા સહિત પાંચે કાવતરૂ રચી આર્થિક લાભ મેળવી છેતરપિંડી કરી

અમરેલી,(ક્રાઇમ રિપોર્ટર)રાજુલા તાલુકાના ડુંગર ગામે રહેતા ઉમેશભાઇ મગનભાઇ જલોંધરા ઉ.વ.૩૨ને ડુંગરના ધનજી કલ્યાણભાઇ જેઠવા, સંજય ઉર્ફે વિજય રાજુભાઇ મકવાણા રહે. ઘોઘા, જયોતિ મહેશભાઇ મકવાણા રહે. કુંભારવાડા ભાવનગર તથા પ્રભુ મો.૭૨૦૩૦ ૭૩૫૨૪ સંગીતાબેન મો.૭૬૨૧૯ ૫૦૩૫૩ વાળાઓએ પોતાના આર્થિક ફાયદાઓ માટે ઉમેશભાઇ સાથે જયોતિના ખોટા લગ્ન અને ફુલહાર કરાવી રૂા. ૨,૫૦,૦૦૦ની છેતરપિંડી કરી પોતાનો સમાન ઇરાદો પાર પાડી કાવતરૂ રચી દરેકે પોતાનો આર્થિક લાભ મેળવી ગુનો કર્યાની ડુંગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ડુંગર અને જાફરાબાદમાં પુર ઝડપે વાહન ચલાવતાં બે સામે ગુનો નોંધાયો

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)

ડુંગર રેલ્વે ફાટક પાસે રઘુ નારાયણભાઇ સરવૈયા ભાર રિક્ષા જીજે ૧૪યુ૪૩૮૬ તથા જાફરાબાદ ૬૬ કેવી રોડ પાસે મનુ ભગવાનભાઇ સાંખટ રહે. મિતીયાળા વાળાએ હોન્ડા સ્પ્લેન્ડર જીજે ૦૫ જીકે ૫૪૭૪નું પુર ઝડપે અને બેફિકરાઇથી ચલાવી ગુનો કર્યાની ડુંગર અને જાફરાબાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જિલ્લામાં વધુ બે કમોતના બનાવો

### શાખપુરમાં યુવાનનું ગળાફાંસો ખાઇ જતાં તેમજ નાના ભમોદ્રામાં સગીરનું ઝેરી દવા પી જતાં મોત

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)

અમરેલી જિલ્લામાં કાળચક્ર ફરી વળ્યું હોય તેમ વધુ બે કમોતના બનાવો પોલીસમાં જાહેર થયાં હતાં. જેમાં લાઠી તાલુકાના શાખપુર ગામે રહેતાં મુળ એમપીના રાહુલભાઇ શંકરભાઇ સાંગાણી ઉ.વ.૧૮ને નવી મોટર સાયકલ લેવી હોય જેથી પિતા શંકરભાઇ વેસુભાઇ સાંગાણીએ બાઇક લેવાની ના પડતાં પોતાને મનમાં લાગી આવતાં પોતે પોતાની મેળે રહેણાંક મકાને રસોડામાં છતના ભાગે આવેલ પંખા સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઇ જતાં મોત નિપજયાનું પિતા શંકરભાઇ વેશુભાઇ સાંગાણીએ દામનગર પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં સાવરકુંડલા તાલુકાના નાના ભમોદ્રા ગામે રહેતાં ઇતેશ જગ્નાભાઇ માવી મુળ એમપી હાલ નાના ભમોદ્રા વિપુલભાઇ નનુભાઇ જયાણીના મકાનમાં મરણજનારને તેના પિતાએ કપાસમાં દવા છાંટવાનું કહેલ હોય પરંતુ કામ કરવા આવતો ન હોય જેથી પિતાએ ઠપકો આપતા પોતાને લાગી આવતા પોતે પોતાની મેળે કપાસમાં છાંટવાની ઝેરી દવા પી જતાં મોત નિપજયાનું જગનાભાઇ દેશીંગભાઇ માવીએ સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં જાહેર કર્યુ છે.

# અમરેલી જિલ્લામાં જુદા જુદા સ્થળોએથી ૧૧ શખ્સોને રાજાપાઠામાં ઝડપી પાડયા

### ૧૧ શખ્સોને નશો કરેલ હાલતમાં ઝડપી લેતી પોલીસ

અમરેલી,(ક્રાઇમ રિપોર્ટર)

અમરેલી જિલ્લામાં જુદા જુદા સ્થળોએથી નશો કરી ઢીંલગી થયેલી હાતલમાં ૧૧ શખ્સોને ઝડપ લઇ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી.

જેમાં જાફરાબાદ, ધારી, અમરેલી, લાઠી અને બાબરા પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

# વિસાવદરની એડિશનલ સેશન્સ કોર્ટમાં ખુન તથા હુલ્લડના ૭ આરોપીઓના જામીન મંજુર

### એડવોકેટ શ્રી કાટિયાની ધારદાર દલીલોને કોર્ટે ગ્રાહ્ય રાખી



બગસરા,(રૂપેશ રૂપારેલીયા) જુનાગઢ જિલ્લાના ભેસાણ ગામે તા.૧૦-૬-૨૪ના દેવીપુજક સમાજના લોકો અને નાથબાવા સમાજના લોકો વચ્ચે ધિંગાણુ થયેલ જેમાં દેવીપુજક સમાજના એક વ્યકિત પ્રવણિભાઇના પિતા મુળજીભાઇ સોલંકીને ઈજા થતાં તેમના દવાખાને દાખલ કરેલ જયાં તેમનું મોત નિપજતાં આરોપીઓ સામે ખુન તથા હુલડનો ગુનો ભેસાણ પોલીસમાં દાખલ કરી આરોપી રવિનાથ, ચન્નાનાથ, ગીતાબેન લખનનાથ, ગીતાબેન રામજીનાથ, સાયરનાથ, સંજયનાથ, વિજયનાથની ધરપકડ કરવામાં આવેલ અને જિલ્લા જેલ જુનાગઢ ખાતે મોકલી આપવામાં આવેલ બાદમાં તમામ આરોપીએ વિસાવદર એડિશનલ સેશન્સ જજ સમક્ષ જામીન પર મુકત થવા અરજી કરેલ જેમાં આરોપી તરફે વિદવાન એડવોકેટ નરેન્દ્રભાઇ કે. કાટીયાની કાયદાકીય જોગવાઇની રજુઆતઓને કોર્ટે ગ્રાહ્ય રાખી સાતેય આરોપીઓને જામીન પર મુકત કરેલ છે.

# બાબરકોટમાંથી મુન્નાભાઇ એમબીબીએસ ઝડપાયા

### ડિગ્રી વગર કિલનીક ચલાવી દર્દીઓની સારવાર કરી માનવ જીંદગી સાથે ચેડા કર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામે ગોંદરા ચોક પાસે અશ્વિન મનુભાઇ બાંભણીયા ઉ.વ.૨૮ રહે. ટિંબી મેલડી માતાના મંદિર પાસે કોઇ પણ સરકાર માન્ય એલોપેથિક સારવાર કરવા માટેની ડિગ્રી વગર ક્લિનીક ચલાવી દર્દીઓ પાસેથી ફી વસુલી સારવાર આપી ડોકટરની રજી.મેડિકલ પ્રેકિટીશનરને લગતી ડિગ્રી ન હોવા છતાં એલેપોથિક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી વસ્તુ નં.૨૦ રૂા. ૧૦ હજાર ઉપરાંતના મુદામાલ રાખી મેડિકલ પ્રેકિટસ કરી પોતાના આકૃત્ય થી માનવ જીંદગી જોખમાય તેમ હોય તેવું જાણવા છતાં દર્દીઓને નિદાન અને સારવાર આપી માનવજીંદગી સાથે ચેડા કરી ગુનો કર્યાની નાગેશ્રી પીએચસીના મેડિકલ ઓફિસર ડો. ભગીરથભાઇ વાઘે જાફરાબાદ મરીન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# લાઠીના રામપરમાં વાડીનો જ મજુર ટ્રેક્ટર ચોરી ગયો

### રૂપિયા દોઢ લાખનું મિની ટ્રેક્ટર ચોરી ગયાની ફરિયાદ

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)

લાઠી તાલુકાના રામપર ગામે તા.૪-૮થી ૫-૮ દરમિયાન કોઇ પણ સમયે ખોડાભાઇ પોપટભાઇ બોદર ઉ.વ.૭૫ ભાગવી રાખેલ વાડીના મજુર રોહિત કંધારભાઇ નાયક ખોડાભાઇની માલિકીનું મિનિ ટ્રેકટર જી જે ૧૪ ડીએ ૪૨૫૫નું રૂા. ૧,૫૦,૦૦૦ની કિંમતનું ચોરી કરી લઇ ગયાંની લાઠી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જાફરાબાદના હેમાળ ગામે યુવાન ઉપર હુમલો

### એક શખ્સે પાઇપ તેમજ પાટા મારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)

જાફરાબાદ તાલુકાના હેમાળ ગામે ભાવેશભાઇ ખીમાભાઇ કવાડ ઉ.વ.૨૪ રહે. છતડીયાના ભાણેજ અશ્વિનભાઇ સાથે અક્ષય રમેશભાઇ ભરાડ રહે. રાજુલા વાળાને અવાર નવાર માથાકુટ થતી હોય ભાવેશભાઇ સાથે ભાણેજ અશ્વિનભાઇ રહેતાં હોય જેથી અક્ષયે ભાવેશભાઇને ગાલ ઉપર લાફા મારી પેટમાં પાટા મારી જમણા હાથે પાઇપ વડે મારમારી જમણા પગના સાથળના ભાગે બે પાઇપના ઘા મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યાની નાગેશ્રી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અવસાન નોંધ

બગસરા

વાંઝા મનસુખલાલ ચત્રભુજભાઇ ભદ્રેશ્વરાના પ.ભ. જશવંતીબેન મનસુખલાલ ભદ્રેશ્વરા (ઉ.વ.૭૨) તા.૦૩/૦૮/૨૦૨૪ને શનીવારના રોજ શ્રી ગોપાલ ચરણ પામ્યા છે તે વિજયભાઇ, પંકજભાઇ (મુનો), વર્ષાબેન મનીષકુમાર ભરખડા સાવર કુંડલા, કલ્પનાબેન ગોપાલકુમાર પરમાર અમદાવાદના માતૃશ્રી થાય તેમજ છબીલદાસ ચત્રભુજભાઇ, કિરીટ ચત્રભુજભાઇના ભાભીશ્રી થાય તેમજ દર્શન વિજયભાઇના દાદીમાં થાય.

# લીલીયા આઇસીડીએસ શાખામાં બાળકોના આધાર કાર્ડની કામગીરી ત્રણ માસથી બંધ

### તાલુકાભરમાંથી ભુલકાઓને લઇ અરજદારોના ઓફિસે ધરમ ધક્કા

લીલીયા,(મહેશ દવે)

લીલીયા તાલુકા પંચાયત કચેરીમાં આવેલ આઇસીડીએસ શાખામાં બાળકોના આધારકાર્ડ કાઢવાની કામગીરી ચાલુ હતી જે છેલ્લા ત્રણેક માસથી બંધ કરવામાં આવતાં તાલુકાભરમાંથી નાના ભુલકાઓને લઇને અરજદારો ઓફિસે આવતાં પુછવામાં આવે કે આધારકાર્ડ કાઢવાનું છે તો ત્યાંથી જવાબ અપવામાં આવે છે કે બંધ છે. કયારે ચાલુ થશે તો કહે નકકી નહીં તો તત્કાલીક આધારકાર્ડની કામગીરી ચાલુ થાય અને મામલતદારમાં પણ નવુ આધારકાર્ડ કાઢવાની કામગીરી સત્વરે ચાલુ કરવા ગ્રામજનોની માંગણી છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૭.૮.૨૦૨૪ બુધવાર ,સંવંત ૨૦૮૦ શ્રાવણ સુદ ૌલિ, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર , પરિઘ યોગ, તૈતિલ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ સિંહ (મ,ટ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : તમારા મનમાં રહેલી કોઈ ઈચ્છા પૂરી થાય,જાહેરજીવનમાં સારું રહે. એક સાથે ઘણા લોકોને મળવાનું થાય.
વૃષભ (બ,વ,ઉ) કામકાજમાં વ્યસ્તતા રહે , મનમાં થોડી અશાંતિ જોવા મળે,બેચેની જેવું લાગ્યા કરે , મધ્યમ દિવસ.
મિથુન (ક,છ,ઘ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો,પ્રિયપાત્ર થી મુલાકાત થાય,મનની વાત વ્યક્ત કરી શકો,શુભ દિન.
કર્ક (ડ,હ) :તમામ ભૌતિક સુખ સગવડ મળે,દિવસ આરામદાયક રહે.સ્ત્રીવર્ગને સારું રહે. વેપારીવર્ગને મધ્યમ.
સિંહ (મ,ટ) : રચનાત્મક પ્રવૃત્તિ કરી કાર્યમાં આગળ વધી શકો. ગણતરીપૂર્વકના સાહસમાં લાભ થાય.
કન્યા (પ ,ઠ ,ણ ) : તમારા સૌમ્ય વાણી વર્તન થી લાભ થાય,લોકો તમારી સલાહ માને અને આદર આપે , આગળ વધી શકો.
તુલા (ર,ત) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,કલા સંસ્કૃતિમાં રસ લઈ શકો ,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
વૃશ્ચિક (ન ,ય : ખર્ચ પર અંકુશ રાખવો,બિનજરૂરી નાણાંનો વ્યય ના કરવા સલાહ છે, પૈસા નું આયોજન કરવું જરૂરી છે.
ધન (ધ ,ભ ,ફ ,ઢ ): સગા સ્નેહી મિત્રો થી સારું રહે,અન્યની મદદ થી કાર્ય પૂર્ણ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
મકર (ખ ,જ ) : કામકાજ માં સફળતા મળે,યશ પ્રતિષ્ઠા કરી શકો, મિત્રોની મદદ મળી રહે,શુભ દિન.
કુંભ (ગ ,સ,શ ) :અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે,પ્રગતિ થાય.
મીન (દ ,ચ ,ઝ ,થ):માનસિક ટેન્શન રહ્યા કરે,કામ માં રુકાવટ આવતી જોવા મળે, અણધાર્યા પ્રશ્નો નું નિરાકરણ કરવામાં સમય વીતે.

# ન્યુયોર્કમાં પુજયશ્રી મોરારીબાપુનું સ્વાગત કરતાં ડે. સેક્રેટરી શ્રી અમીના જે. મોહમ્મદ



અમીના જે મોહમ્મદ ડેપ્યુટી સેક્રેટરી જનરલ યૂનિટેડ નેશનલ હેડક્વાટરમાં પૂજ્ય મોરારીબાપુ સાથે અમેરિકામાં અમીના જે મોહમ્મદ ડેપ્યુટી સેક્રેટરી જનરલ યુનિટેડ નેશનલ હેડ ક્વાર્ટરમાં તસવીરમાં જણાય છે

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૨૪ થી ૧૫૪૬ મગફળી ૯૦૨ થી ૧૨૭૨

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૦૯૬-૧૧૭૦
શિંગમોટી-૯૦૨-૧૨૭૨
મગ--
તલસફેદ-૨૧૦૦-૨૫૬૦
તલકાળા-૩૧૦૦-૩૫૩૦
એરંડા-૯૫૨-૧૧૨૧
ઘઉંટુકડા-૪૮૫-૫૮૦
ઘઉંલોકવન-૫૦૦-૫૬૬
બાજરો-૪૫૦-૪૬૯
ચણા-૧૦૫૨-૧૩૭૦
કપાસ-૯૨૪-૧૫૪૬
જુવાર-૫૦૧-૮૨૨
જીરૂ-૩૫૦૦-૪૫૭૫
ધાણા-૧૦૦૦-૧૩૦૫
સોયાબીન-૭૭૦-૮૨૯
અજમા--
રજકાનુંબી-

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૦૦-૫૨૦
રીંગણા-૫૫૦-૭૦૦
ફલાવર-૮૦૦-૯૦૦
કોબીઝ-૭૦૦-૮૦૦
ટમેટાં-૭૦૦-૯૦૦
ફોદીનો-૮૦૦-૯૦૦
ગાજર-૫૫૦-૬૦૦
ગલકા-૪૫૦-૫૩૦
કાકડી-૩૨૦-૪૩૦
ગુવાર-૧૭૫૦-૨૦૦૦
દુધી-૨૫૦-૩૦૦
તુરીયા-૫૦૦-૬૦૦
ભીડો-૮૦૦-૯૦૦
આદુ-૧૦૦૦-૧૩૦૦
કોથમીર-૮૦૦-૧૦૦૦
મેથીભાજી-૬૦૦-૭૦૦
ટીંડોરા-૮૦૦-૯૦૦
લીમડોમીઠો-૧૧૦-૧૩૦
મરચાલીલા-૭૦૦-૧૦૦૦
લસણસુકું-૨૦૦૦-૪૦૦૦
લીંબુ-૫૫૦-૬૫૦
પાલક-૪૫૦-૫૫૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૫૧૨-૫૧૨
જુવાર-૭૦૦-૭૫૧
ઘઉં-૪૮૯-૫૭૧
શીંગદાણા--
ચણા-૧૨૯૧-૧૨૯૧
તલસફેદ-૧૬૦૦-૨૩૪૨
મગ--
જીરૂ--
કપાસ--
તુવેર--
સોયાબીન-૮૦૦-૮૨૭

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૩૪-૬૨૬
ડુંગળીલાલ-૧૯૭-૬૦૧
મગ--
તલસફેદ-૧૦૩૧-૨૫૫૦
સુવાદાણા-૧૧૯૯-૧૧૯૯
અડદ-૧૦૦૦
જીરૂ--
નાળીયેર-૪૩૦-૧૭૪૦
તુવેર-
બાજરી-૪૦૦-૫૨૧
જુવાર-૪૪૬-૬૯૦

**બાબરા**
કપાસ-૧૩૪૦-૧૫૫૦
ઘઉં-૪૯૦-૫૭૦
તલસફેદ-૨૨૧૫-૨૩૭૫
જીરૂ-૪૫૫૫-૪૭૭૫
મગફળી-૧૦૮૫-૧૧૪૫
બાજરો-

**ધારી**
ધાણા--
ચણા-૧૧૧૫-૧૧૧૫
જુવાર--
મગફળી-
તલ-૨૦૨૦-૨૦૨૦
મગ-
તુવેર-
શીંગદાણા-૧૦૧૫-૧૪૯૦
ઘઉં-
સોયાબીન-

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૦૦૦-૧૧૨૧
શીંગદાણા-૧૪૨૧
જીરૂ-૪૭૬૦
તલસફેદ-૨૦૦૦-૨૪૦૦
કપાસ-૧૨૪૦-૧૫૩૦
ઘઉંલોકવન-૪૫૦-૫૪૦
મગ--
ઘઉંટુકડા-૫૨૫-૫૫૭
ચણા-૧૨૦૦-૧૩૦૫
એરંડી--
જુવાર-૪૫૦
બાજરો-૪૨૫-૪૭૦
ધાણા-૯૮૫-૯૯૦

**ખાંભા**
કપાસ-
જુવારસફેદ-
અડદ-
તલસફેદ-
ઘઉં-
શીંગદાણા-
સોયાબીન-
જીરૂ-

**બગસરા**
જુવાર-૭૨૫-૭૨૫
કપાસ--
ચણા-૧૧૦૦-૧૧૦૦
મકાઈ--
શીંગદાણા--
ઘઉંટુકડા-૪૮૦-૫૨૨
ઘઉંલોકવન-૫૩૩-૫૩૩
ધાણા-૧૧૩૫-૧૨૭૦
તલસફેદ-૧૮૩૦-૨૩૭૦
મગફળી--
સોયાબીન-૭૯૧-૮૦૦
એડદ-૧૬૧૫-૧૬૧૫

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૫૦૦-૧૦૦૦
દાડમ-૫૦૦-૨૪૦૦
મુસંબી-૬૦૦-૯૦૦
સંતરા-૧૬૦૦-૨૨૦૦
કીવી-૫૦૦૦-૬૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૬૦૦-૨૨૦૦
અનાનસ-૧૫૦૦-૧૯૦૦
ખારેક-૧૪૦૦-૧૭૦૦
કેળા-૪૦૦-૫૫૦
પોપૈયા-૬૦૦-૧૦૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૩૪૦૦-૪૦૦૦

## અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન ૩૦.૨
ન્યુનતમ તાપમાન ૨૫.૫
ભેજનું પ્રમાણ ૯૨
પવનની ગતિ સરેરાશ ૭.૧

### ગુર્જર પ્રજાપતિ કેળવણી મંડળ દ્વારા

# રાજુલામાં વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

## ગુર્જર પ્રજાપતિ કેળવણી મંડળ દ્વારા જ્ઞાતિના વિવિધ તેજસ્વી તારલાઓને સન્માનિત કરીને પ્રોત્સાહન અપાયું



રાજુલા,(કનુભાઈ વરૂ)
ગુજર પ્રજાપતિ કેળવણી મંડળ રાજુલા આયોજિત સમસ્ત બાબરીયાવાડ ગુર્જર પ્રજાપતિ જ્ઞાતિના તેજસ્વી તારલાઓનો ૨૭ મો સન્માન સમારંભ તથા વાલી સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં સમાજના આગેવાનો ભાઈઓ-બહેનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમમાં વિવિધ દાતાઓ દ્વારા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ મનીષભાઈ વાળા અમિતભાઈ ભુતૈયા પરેશભાઈ પરમાર મહેશભાઈ વાઘેલા જગદીશભાઈ વાળા પ્રવીણભાઈ ટાંક રાઘવભાઈ રાઠોડ જગદીશભાઈ વાઘેલા સહિતના સમાજના આગેવાનો અને શ્રેષ્ઠિઓ ઉપસ્થિત રહ્યા હતા


# જિલ્લા બાર એસો. દ્વારા એડવોકેટ જે. આર. વાળાનો જન્મદિવસ ઉજવાયો



અમરેલી જિલ્લા વકીલ મંડળના સેક્રેટરી શ્રી જે આર વાળાના જન્મદિવસની ઉજવણી ડિસ્ટ્રિક્ટ કોર્ટ મુકામે કરવામાં આવેલ તે વેળાની તસ્વીરમાં નજરે પડે છે.

### શ્રાવણે શિવ દર્શન

## લાઠી લીલીયા વચ્ચે ગાગડીયો નદીની ગોદમાં બિરાજતાં સ્વયંભુ અંટાળેશ્વર મહાદેવ



અમરેલી,
શ્રધ્ધાથી જ હંમેશા ચમત્કારોની સૃષ્ટિ થાય છે. અંધકારમાં ડુબેલી દુનિયામાં આંખો ચોળતા આત્માને પ્રકાશ અને પ્રેરણા આપે છે, આવા એક શ્રધ્ધ મુલકમાં ૧૧ રૂદ્રોમાં નિલ લોહિત એવા મહાદેવની ઉત્પતિ શી રીતે થઈ તેનો આછો ચિતાર અહી પ્રસ્તુત છે. અંટાળીયા ગામના સીમાડે બિરાજેલ મહાદેવ, મહાકાલના વિકરાળ સ્વરૂપ સમા અંટાળેશ્વર મહાદેવ જુના ભાવનગર રાજયમાં હાલ અમરેલી જિલ્લામાં લાઠી અને લીલીયા વચ્ચે ગાગડીયો નદીની ગોદમાં આવેલ છે. આ ધામ એક એવા ટીંબા પર આવેલ છે. કે જયાંથી પુર્વ ક્ષતિજે શાખપુર અને શેત્રુંજા ડુંગરોની હારમાળા નજરે પડે છે. હાલ મંદિર ફરતે પડતર જમીન હોવાથી વરસાદ પડતાં જ આસપાસનું વાતાવરણ હરિયાળુ બની જાય છે. આજથી અઢીસો વર્ષ પહેલા એક દુધણી ગાયનું દુધ આપો આપ ગાય ઢોરા પાસે ઉભી રહેતાં તેના આચળમાંથી દુધની ધારા આપો આપ વહેવા લાગતી અને અભિષેક થતો જોઇને ગોવાળ પણ અચંબામાં પડી ગયેલ. તે સ્થળે જઈને જોયું કે એક નાગ એક પથ્થર સાથે વીટળાઈને પડયો હતો. જે ભરવાડને જોતા નાગ દેવતાં ત્યાંથી દુર ચાલ્યા ગયેલ તેવામાં બે પાંચ લોખો પણ આવી ચડયાં કોઈએ આ બધુ જોઈને ક્રોધાવેશમાં આ પથ્થર પર કુહાડીથી પ્રહાર કર્યો. પથ્થરના તુટવા સાથે એક ભયંકર ગેબી અવાજ થયો અને પથ્થરનો થોડો ફાચરો દુર જઈ પડયો પથ્થરમાંથી લોહી શેડ ફુટી આ જોઈને હાજર લોકો પણ હેપતાઈ ગયેલ. ધીરે ધીરે આ ચમત્કારની વાત આજુબાજુના ગામડોમાં પહોંચી અને લોકોને પ્રવાહ વધવા લાગ્યો. આવા સમયે એક અવધુત સંતને આ વાત સ્વપ્નમાં આવી તેવો ફરતાં ફરતાં સ્થળ પર આવ્યા અંટાળીયા, સાજણટીંબા, જાત્રોડા સહિત ૩૨ ગામના આગેવાન ભકતજનોને એકઠા કરી લોકફાળો કરી શિવ જયોર્તિલીંગના પ્રતિષ્ઠા કરવામાં આવેલ. અને વગડા પ્રદેશમાં કોઈ બીક ન લાગે તે માટે અવધુત સંતે ગૌશાળા શરૂ કરી હતી. આ પ્રદેશ વેરાન પ્રદેશ હોય અહીં હરણાઓ સંખ્યાબંધ પ્રમાણમાં રહેઠાણ કરતાં હોવાથી એ વખતના ભાવનગરના નરેશ ભાવસિંહજી શિકારે નિકળેલા ત્યારે ગોવિંદદાસ નામના મહંત અહીંસાના પ્રખર પુજારી હતાં. તેમણે ભાવસિંહજીને કહ્યું કે, આ પવિત્ર તિર્થ ભુમિમાં હિંસા ન થાય અને ભાવસિંહજીને લાગી ગયું, બાદ મંદિરમાં મહંતશ્રીને પગે લાગી વિનંતી કરી કહ્યુ કે, આ મંદિરો જીણોધાર કરો જે જોઈએ તે હું આપવા તૈયાર છું અને આ મંદિરનો પ્રથમ જીણોધાર થયેલ ત્યાર બાદ લાંબા સમયે મંદિરમાં સુરતના દાતાઓ દ્વારા કરોડા ખર્ચે રાજસ્થાનના પથ્થરમાંથી અંટાળેશ્વર મહાદેવનો ભવ્ય જીણોધાર કરી વિશાળ મંદિર પરિસર ગૌશાળા, ભોજનશાળા, રસોડુ તેમજ બહારથી આવતાં શ્રધ્ધાળુઓ માટે ઉતારાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. શાંતિદાસજી નામના મહંતશ્રીએ અહી ચોર્યાસીનું મહત્વ સમજાવેલ ત્યારથી આ જગ્યામાં છેલ્લા ગાદિપતી પુ. નારણદાસજી બાપુએ અથાગ પ્રયત્નો કરી શ્રાવણ માસમાં ચોર્યાસી શરૂ કરેલ જે કંડારેલી કેડી આજે પણ શ્રાવણ માસમાં અંટાળેશ્વર મહાદેવ મંદિરે ચોર્યાસી શરૂ રહે છે, અને આસપાસ ગામોના લોકો તેમજ બહારથી આવતાં લોકો ચોર્યાસી અગાઉથી લખાવે છે. તેમ ટ્રસ્ટી વિઠલભાઈ માદલીયાની યાદીમાં જણાવાયું છે.

## રાજુલામાં વિનામુલ્યે વૃક્ષોના રોપાનું વિતરણ

### સેવાભાવી વિપુલભાઇ લહેરીની સેવાઓને બિરદાવી



રાજુલા,
રાજુલા માં વૃક્ષારોપણ માટે વિનામૂલ્યે રોપા મળશે તો મિશન ધાખડા અને વિપુલભાઈ લહેરી વૃક્ષારોપણ નું ચકલીઓના માળા તથા ચકલીઓને પાણી પીવાના કુંડા વિના મૂલ્ય આપી રાજુલામાં ભગીરથ કાર્ય કરી રહ્યા અને ગી ધ વસાવ અને કાચબા કાસબા અને સિંહ પ્રેમીઓ કોણની ઓળખતો હોય રાજુલા શહેરમાં પર્યાવરણ પ્રેમી અને સિંહની જાણકારી ધરાવતા બીમાર સિંહ કે કોઈપણ પક્ષી ઘાયલ ક્યા સમાચાર મળે કે તરત જ વિપુલભાઈ દોડી જાય અને મદદ કરે અને ન થાય તો વન વિભાગને જાણ કરેરજૂઆત કરનાર એવા વિપુલભાઈ લહેરી દ્વારા ૫૦૦૦ ઉપરાંત રાજુલા શહેરમાં ચકલી બચાવો ઝુંબેશના નામે ચકલી પ્રેમીઓને વિના મૂલ્ય માળા આપી આ ઝુંબેશ ત્રણ વર્ષથી શરૂઆત કરી હતી જેથી ચકલીઓમાં ૩૦ ટકા થયો છે અને હવે ચકલીઓ ના માળા ઘરે ઘરે હોવાથી ચકલીઓ ખૂબ જ વધી રહી છે તેવી રીતે કાચબા ઝુંબેશ દરિયા કાંઠે ચલાવી કાચબા ના ઈંડા સુરક્ષિત રહે તે માટે દરિયા કિનારે એક ચોકીદાર મૂકી અને કાચબા નો કોઈ શિકાર ન કરે તે માટે છેલ્લા ૭ એક વર્ષથી કાચબા અભિયાન ઝુંબેશને પણ વિપુલભાઈ લહેરી જાગૃત કરતા ગ્રામ્ય દરિયા કિનારે હવે કાચબા નો શિકાર પણ નાબૂદ થયો છે બીજી તરફ વાત કરીએ તો રાજુલા પંથકમાં વિપુલભાઈ તથા નાગરિક બેંકના પ્રમુખ એવા મહેન્દ્રભાઈ ધાખડા દ્વારા ચોમાસામાં એવી ઝુંબેશ શરૂ કરી છે કે ગમે ત્યાંથી વૃક્ષો લાવી કે વેચાતા લાવી કે માંથી લાવી રાજુલામ બગીચામાં મૂકે અને પછી જે સંસ્થા કહે ત્યાં વાવેતર ની ઝુંબેશ એટલી બધી રૂમે શરૂ કરી છે કે વૃક્ષ નેમ બગીચા માંથી લઈ જવું અહીંથી લઈ જવાનું તથા વૃક્ષ નો ખાડો કરવાનું આધુનિક મશીન પણ અહીંથી લઈ જવાનું અને ઝડપી ખાડા થઈ શકે મશીન ઘડીકમાં ગમે ખાડા કરી શકે છે જેથી લાંબા માણસો ખાડા ખોદવાની પણ હવે જરૂર પડતી નથી લોકો શાળામાં વૃક્ષારોપણ રાખે ત્યાં વૃક્ષો આપી અને વાવેતર કરવાનું આ વર્ષે તો મહેન્દ્રભાઈ અને વિપુલભાઈ ની ટીમ એ રાજુલાને ગ્રીન બનાવવું હોય તેમ શાળાઓ તથા વેસ્ટ જમીન તથા દવાખાનાઓના જગ્યાઓમાં તાલુકા પંચાયતની જગ્યાઓમાં કે કચેરીએ કે ધાર્મિક સ્થળો શીતળા માતાજીનું મંદિર કે શિવજીનું મંદિર આવી તથા નગરપાલિકા ના રોડ ઉપર સુકાઈ ગયેલા વૃક્ષો તથા વાવાઝોડામાં પડી ગયેલા વૃક્ષો ત્યાં ફરી વૃક્ષારોપણ કરવામાં આવ્યું બે મહિનામાં વૃક્ષો વાવવાની આ ઝુંબેશ શરૂ કરી હતી રાજુલા શહેરમાં વાવાઝોડામાં જેટલા વૃક્ષો પડી ગયા તેના કરતા આ એક વર્ષમાં ફ્રીમાં વૃક્ષો આપી અને બંને યુવાનો દ્વારા આ ઝુંબેશ શરૂ કરતા સારો એવો પ્રભાવ મળ્યો છે અને લોકો રોપા લેવા પણ દોડી જાય છે વન વિભાગ કરતા પણ આ ઝુંબેશ સતત શરૂ રહેતા રાજુલામાં ગુજરાતીમાં કહેવત છે લીલું નાઘેર બની જાય તેમ તમામ સંસ્થાઓમાં વૃક્ષારોપણ આ વર્ષે કરી આવ્યું છે વિપુલભાઈ લહેરી પક્ષી અને ચકલી બચાવ ઝુંબેશ ચલાવી રહેવા માટે માળાઓ અને ઘર ચકલીના મારા વેચાતા અને દાતાઓની સહયોગથી પણ પક્ષીના માળાઓ વિના મૂલ્ય અને વિતરણ કરે છે ત્યારે મહેન્દ્રભાઈ દ્વારા ચકલી કે પોપટ કે કબુતર ને પાણીની ઉનાળામાં મુશ્કેલી ન પડે તે માટે પાણીના ૫,૦૦૦ જેટલા જે ઠીકરાના બનાવેલ હોય છે જેમાં પાણી ગરમ ન થાય તે તૈયાર કરાવી પ્રજાપતિના કારીગર પાસે બનાવી વેચાતા લઈ અને મહેન્દ્ર ભાઈ ધાખડા દ્વારા વિનામૂલ્ય ઉનાળામાં વિતરણ કર્યું હતું આમ રાજુલામાં વિપુલભાઈ લહેરી તથા મહેન્દ્ર ભાઈ ધાખડા સૌને સાથે રાખી આગેવાનો ના હસ્તે વિવિધ સંસ્થાઓમાં વૃક્ષારોપણ કરાવી રહ્યા છે વિપુલભાઈ તો સિંહ પ્રેમી છે તેમ વધારામાં સિંહની સુરક્ષા માટે વન તંત્રને પણ માર્ગદર્શન આપે છે જયારે મહેન્દ્રભાઈ વૃક્ષારોપણ કાર્યક્રમમાં રાખી રાજુલામાં ઠેર ઠેર વૃક્ષો નું વાવેતર જોવા મળી રહ્યા છે વિપુલભાઈ લહેરી અને મહેન્દ્રભાઈ ધાખડા બંનેએ ટીમ બનાવી ટીમના યુવા સભ્ય શ્રીરામ શ્રી ઠાકર શ્રી વાઘેલા તમામ પ્રેમીઓને લઈ વિનામૂલ્ય વૃક્ષ આપવાનું તથા વાવવાનું આ ભગીરથ કાર્યકર્તા આ અને રાજુલા શહેરમાં ખૂબ જ હજારોની સંખ્યામાં જુદા જુદા વિસ્તારમાં વાવેતર અને ઝુંબેશ ચલાવતા વિસ્તારના ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી તથા રાજુલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ગૌરાંગભાઈ મહેતા તથા માર્કેટિંગ યાર્ડના પ્રમુખ શ્રી જીગ્નેશભાઈ પટેલ તથા પીઠ અનુભવી બકુલભાઈ વોરા લહેરી તથા ડેપ્યુટી કલેકટર બરાસરા વન ખાતાના અધિકારીઓ દ્વારા બંને મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા આમ રાજુલા શહેરને ગ્રીન બનાવવાનું ફાળો વિપુલભાઈ લહેરી અને મહેન્દ્રભાઈ ની ટીમને ફાળે જાય છે

### સ્વ. હિંમતલાલ બાબુભાઈ હરસોરા પરિવારના સૌજન્યથી

## સાવરકુંડલામાં સદભાવના ગ્રુપ દ્વારા એક હજાર ઉપરાંતના વૃક્ષોના રોપાનું વિતરણ

### એક પેડ માં કે નામ કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણનું આયોજન



સાવરકુંડલા,સાવરકુંડલા ખાતે વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરતા સદભાવના ગૃપ દ્વારા શહેરના લોકો પોતાના આંગણામાં વિવિધ પ્રકારના ફૂલછોડ વાવી અને ઉછેરી શકાય તેવા શુભ હેતુથી ગ્રીન સન્ડે ગ્રીન સાવરકુંડાના શીર્ષક હેઠળ રિદ્ધિ સિદ્ધિ ચોકચોક ખાતે વિનામૂલ્યે ૧૦૦૦ રોપાનું વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પરમ પૂજ્ય ઉષામૈયા શિવ દરબાર આશ્રમ (કાનાતળાવ) ના આશીર્વાદથી ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાની હાજરીમાં કાર્યક્રમમાં સદભાવના ગ્રુપ દ્વારા રોપા વિતરણ કરવામાં આવ્યા હતા, જેમાં ગુલાબ, ટગર, જામફળી, ટાગોરો, લાલ કોટન, ગ્રીન કોટન, લાડન, વગેરે ૧૦૦૦ જેટલા રોકાવાનું સામાજિક વનીકરણ રેન્જ સાવરકુંડલાના સહકારથી વિનામૂલ્ય વિતરણ કરવામાં આવ્યું હતું. રોપા વિતરણ કાર્યક્રમમાં વન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ઝેરમુક્ત ખેતી તથા પ્રદૂષણ મુક્ત પ્રાકૃતિક ખેતીને ઉતેજન

# શ્રી કૌશિક વેકરીયાની મહેનતથી ખેતી પ્રધાન અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો નવો અધ્યાય આલેખાશે



### ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીની કોલેજમાં ખેડુત તાલીમ કેન્દ્ર ખાતે પ્રારંભ થશે

અમરેલી, (ડેસ્ક રિર્પોટર) ઝેરમુક્ત ખેતી તથા પ્રદૂષણ મુક્ત પ્રાકૃતિક ખેતીને ઉતેજન મળે અને તેની પધ્ધતીસર તાલીમ મળે તેના માટે અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિક વેકરીયાની મહેનતથી ખેતી પ્રધાન અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો નવો અધ્યાય આલેખાશે. ગુજરાત સરકાર દ્વારા ઝેરમુક્ત ખેતી તથા પ્રદૂષણ મુક્ત પ્રાકૃતિક ખેતીને ઉતેજન આપવાના હેતુથી ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીની હાલોલ સ્થાપના કરવામાં આવેલ છે. ઉપરોક્ત બંને નવી કોલેજોમાં ચાલુ વર્ષથી અભ્યાસક્રમ શરૂ કરવામાં આવેલ છે. ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીની કોલેજનો અમરેલીના ખેડુત તાલીમ કેન્દ્ર ખાતે પ્રારંભ થશે ધરતીપુત્રો લાભ લે તેના માટે શ્રી કૌશિક વેકરીયાએ અનુરોધ કર્યો છે.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

### રાજકોટ મનપાના લોકદરબારમાં આગેવાનો વિફર્યા

રાજકોટ,રાજકોટ મહાનગરપાલિકાનો 'મેયર તમારે દ્વાર' લોકદરબાર આજે યોજાયો હતો. જો કે આ લોકદરબારમાં ભાજપ-કોંગ્રેસના નેતાઓની શાબ્દિક ટપાટપી જોવા મળી. લોકોના પ્રશ્નોની રજૂઆત અને તેના નિરાકરણ માટે મળેલા લોકદરબારમાં જ્યારે એક મહિલાએ તેમના વિસ્તારના રોડ રસ્તા અને ભૂગર્ભ ગટરની સમસ્યા વિશે રજૂઆત કરતા પૂર્વ મેયર પ્રદિપ ડવે તેમને મર્યાદામાં રહેવાની ટકોર કરી. મહિલા સાથે અપમાનજનક ભાષામાં વાત કરતા કોંગ્રેસના આગેવાનો વિફર્યા હતા.

### વડોદરા હોસ્પિટલ ફરી વિવાદમાં

વડોદરા,વડોદરાની SSG હોસ્પિટલ ફરી એકવાર વિવાદમાં આવી છે. આ હોસ્પિટલમાં આ વખતનો વિવાદ જોઈ લોકો પણ ચોંકી ગયા છે. હોસ્પિટલમાં ઘાયલ થયેલા દર્દીના ટાંકા ખાનગી એમ્બ્યુલન્સના ડ્રાઈવરે લીધા હતા. ત્યારે નિષ્ણાંતના બદલે ડ્રાઈવર દ્વારા ટાંકા લેવામાં આવતો વીડિયો સામે આવ્યો છે. જે બાદ લોકો હોસ્પિટલની કામગીરી પર સવાલ ઉઠાવી રહ્યા છે. વીડિયોમાં જોઈ શકાય છે કે ડ્રાઈવર નિષ્ણાત તબીબની જેમ ટાંકા લઈ રહ્યો છે. ત્યારે હોસ્પિટલમાં દર્દીના સ્વાસ્થ્ય સાથે ચેડાં થતાં હોવાના અગાઉ પણ ઘણા આક્ષેપો લાગ્યા છે ત્યારે ફરી એકવાર આ આક્ષેપોમાં ઉમેરો થયો છે. વીડિયો જોયા બાદ અનેક લોકો હોસ્પિટલ પર રોષ ઠાલવી રહ્યા છે.

### સરદાર સરોવર ડેમમાં ૬૦ ટકા પાણી વધ્યું

નર્મદા,
ગુજરાતમાં સતત વરસી રહેલા વરસાદના પરિણામે ૪૭ જળાશયો સંપૂર્ણ ભરાયેલા જ્યારે ૧૦ જળાશયો ૯૦ ટકાથી ૧૦૦ ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. આ સિવાય રાજ્યના ૩૮ ડેમ ૭૦ ટકાથી ૧૦૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. આ ઉપરાંત સરદાર સરોવર સહિત ૨૧ ડેમ ૫૦ થી ૭૦ ટકા ભરાતા વોર્નિંગ આપવામાં આવી છે જ્યારે ૪૨ ડેમ ૨૫થી ૫૦ ટકા ભરાયા છે. સવારે ૮.૦૦ કલાકના અહેવાલ મુજબ ઉપરવાસમાં ભારે વરસાદના પરિણામે સૌથી વધુ સરદાર સરોવરમાં ૯૨,૮૬૭ ક્યુસેક જ્યારે ઉકાઈ યોજનામાં ૮૩,૯૮૫ ક્યુસેક, દમણગંગામાં ૫૩,૪૫૬ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે, સાથેજ દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૭૦.૩૨ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧ માં ૫૨.૬૮ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૫૨.૧૫ ટકા, મધ્ય ગુજરાતના ૧૭માં ૪૫.૨૬ ટકા તથા ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૨૮.૩૯ ટકા પાણીનો સંગ્રહ થયો છે તેમ જળ સંપત્તિ વિભાગની યાદીમાં વધુમાં જણાવ્યું છે.

### સુરતમાં જમીનના કેસમાં બેની ધરપકડ

સુરત,
સુરત પોલીસને વધુ એક મોટો ગુનો ઉકેલવામાં સફળતા મળી છે, ભેંસાણ ગામ ખાતે રહેતા ૭૨ વર્ષીય વૃદ્ધની ગામમાં આવેલ કિંમતી જમીનના બોગસ દસ્તાવેજ બનાવી જમીન માફિયાઓએ જમીન પચાવી પાડી હતી. ટોળકીએ વૃદ્ધના આધારકાર્ડ અને પાનકાર્ડમાં ફોટા સાથે ચેડાઓ કરી બોગસ દસ્તાવેજ બનાવ્યા બાદ જમીન ખરીદનાર પાસેથી ૩.૪૧ કરોડ પડાવી લીધા હતા. જોકે, વૃદ્ધાને આ અંગે જાણ થતા સબ રજીસ્ટ્રાર કચેરીમાં વાંધા અરજી આપી હતી. આ મામલે પોલીસે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે જ્યારે અન્ય આરોપીઓને પકડવાના ચક્રોગતિમાન કર્યા છે. ભેંસાણગામ માં આવેલ પારસી ફળિયા ખાતે રહેતા અને પાલ ગ્રીન સીટી રોડ ગેલેક્ષી સર્કલ પાસે નિશાલ સોપીંગ સેન્ટરમાં ઓફિસ ધરાવતા ૭૨ વર્ષીય કુરૂષ રૂસ્તમજી પટેલની ભેંસાણ ગામે જમીન આવેલી છે. આ જમીન ઉપર ઝાકીર ગુલામઅલી નકવી, અકબરમીયા નથુમીયા કાદરી, મુકેશ મનસુખ મેદપરા અને પિયુષકુમાર જંયતીલાલ શાહની દાનત બગડી હતી.

### ગાંધીનગરમાં દુષ્કર્મ કરનારની ધરપકડ

અમદાવાદ/ગાંધીનગર,અમદાવાદમાંથી એક આઘાતજનક અને હચમચાવી નાખનાર કિસ્સો સામે આવ્યો હતો જેમાં, એક ૧૫ વર્ષની સગીરાનું અપહરણ કરી તેની પર દુષ્કર્મ ગુજારવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. વિધર્મી યુવકે સગીરાને પ્રેમ જાળમાં ફસાવીને મળવા બોલાવી હતી. જે બાદ ગાંધીનગર પાસે લઈ જઈ એક મકાનમાં તેની પર બળજબરીપૂર્વક દુષ્કર્મ ગુજાર્યું અને બાદમાં તેને રિવરફ્રન્ટ પાસે મૂકીને ફરાર થઈ ગયો. આ મામલે ગાયકવાડ હવેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ કરી છે. અમદાવાદ ના ગાયકવાડ હવેલી પોલીસે અકીલ મલેક નામના યુવકની સગીરા સાથે બળજબરીપૂર્વક શરીર સંબંધ બાંધવાના ગુનામાં ધરપકડ કરી છે. અમદાવાદના ચાંદલોડિયા વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની સગીરાને એક મિત્ર મારફતે આરોપી અકીલ મલેક સાથે એક મહિના પહેલા સંપર્ક થયો હતો. જે બાદ બંને વચ્ચે મોબાઈલ નંબરની આપ લે તથા વાતચીત શરૂ થઈ હતી. ૩૧ જુલાઈના રોજ આરોપીએ સગીરાને મળવા માટે જમાલપુર પાસે બોલાવી હતી.

### નવસારી વલસાડમાં ૪૦૦નું સ્થળાંતર

નવસારી,
અવિરત વરસી રહેલા વરસાદના કારણે નવસારી, વલસાડમાં મેઘતાંડવ સર્જાયું છે, વલસાડ જિલ્લામાં મોડી રાત્રે દ્નઢ્ઢઈહ્વએ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું. વલસાડના હિંગરાજ ગામ ખાતે ૭ જેટલા ઝીંગાના ફાર્મમાં કામ કરતા મજૂરોનું રેસ્ક્યુ કરાયું હતું.
ઔરંગા નદીની સપાટી વધતા હિંગરાજ ગામ ઔરંગા નદીના પાણી ઘુસ્યા હતા. ઔરંગા નદીના પાણી એકા એક વધતા ૭ જેટલા મજૂરો ઝીંગા ફાર્મમાં ફસાયા હતા. મોડી રાત્રે વહીવટી તંત્રને જાણ થતા તાત્કાલિક પગલાં લઈ NDRFની ટીમે રેસ્કયુ કરાયું હતું. દ્નઢ્ઢઈહ્વની ટીમ દ્વારા રાત્રીના અંધારામાં બોટ લઈ તમામ મજૂરોનું રેસ્ક્યુ કરાયું હતું. ઘટનાને લઈ TDO તથા મામલતદાર અને વલસાડ રૂરલ પી.આઈ સહિતની ટીમ સ્થળ પર પહોંચી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દક્ષિણ ગુજરાતના વલસાડ અને નવસારી જિલ્લામાં ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થીતીની માહિતી આ બેય જિલ્લાના કલેકટરો સાથે ટેલીફોનીક વાતચીત કરીને મેળવી હતી.

છેલ્લા પાનાનું

### રીક્ષા વિજપોલ

પીજીવીસીએલ વાળા થાંભલો લેવા ગયા અને પાંચ કલાકે આવ્યા ત્યાં સુધી તે વિસ્તારમાં લાઈટ વગર ધંધાર્થીઓ ફફડિયા ધંધા રોજગાર માટે લાઈટ જરૂરી હોય તો પાંચ પાંચ કલાક લાઈટ ગુલ થતા તે વિસ્તાર ના લોકો ત્રાહિમામો કરી ગયા હતા પીજીવીસીએલ નું તો એવું છે કે પાણી પીવું હોય ત્યારે કૂવો ખોદવો ત્યારે પાંચ કલાક બાદ પીજીવીસીએલ વાળા થાંભલો લઈને આવ્યા ત્યારબાદ લોકોએ હાશકારો અનુભવ્યો હતો. ત્યાં સુધી બાટલા ભરેલ રીક્ષા થાંભલાને ટેકે હતી એટલે રિક્ષાવાળો બાટલાનું વિતરણ કરી ન શકયો અને રીક્ષા કાઢવા જાય તો થાંભલો નીચે પડે તેના લીધે તેની પણ વિતરણ વ્યવસ્થા ખોરવાઈ હતી.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### આગામી તા.૮ થી તા.૧૬ દરમિયાન

### સોમનાથ યુનિવર્સિટીમાં સંસ્કૃત સંભાષણ વર્ગનું આયોજન

### સંસ્કારની ભાષા, સંસ્કૃતિની ભાષા એની સંસ્કૃતમાં વાતચીત શીખવાનો અવસર

ગીર સોમનાથ,
શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી અને સંસ્કૃતભારતી, ગીર સૌમનાથના સંયુક્ત ઉપક્રમે તા.૦૮/૦૮/૨૦૨૪થી તા.૧૬/૦૮/૨૦૨૪ દરમ્યાન સંસ્કૃત સંભાષણ વર્ગોનું આયોજન કરવામાં આવેલ છે. સોમનાથ-વેરાવળ-પાટણ નગર સંસ્કૃતમય બને તેવો સંકલ્પ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો છે. તે માટે પ્રતિવર્ષ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા સંસ્કૃત સંભાષણ માટેના વર્ગોનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ વેરાવળ અને આજુ બાજુના જુદા જુદા સ્થળોએ ચાલીસ જેટલા સંસ્કૃત સંભાષણ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં તમામ નગરજનો ભાગ લઈ શકે તે માટે જુદા જુદા સ્થળોએ તેમજ લોકોની અનુકૂળતાને ધ્યાનમાં રાખીને તેઓના અનુકૂળ સમયે આ સંભાષણ વર્ગોનું આયોજન કરવામાં આવેલ છે. તેમાં લોકોને સંસ્કૃત ભાષામાં વાતચીત કરવાનું શીખવવામાં આવશે. લોકો માતૃભાષાની જેમ સંસ્કૃત ભાષામાં વાતચીત કરી શકે તે માટે પ્રશિક્ષિત શિક્ષકો દ્વારા વિનામૂલ્યે શિક્ષણ આપવામાં આવશે. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રો. સુકાન્ત કુમાર સેનાપતિ તેમજ કુલસચિવ પ્રો. લલિતકુમાર પટેલના સીધા માર્ગદર્શન નીચે આ સંભાષણ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

### જુનાગઢ બહાઉદ્દીન કોલેજમાં આજે ઓરીએન્ટેશન કાર્યક્રમ

જુનાગઢ,તા. ૦૭/૦૭/૨૦૨૩નાં રોજ બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ જૂનાગઢનાં SSIP 2.0 નાં સંદર્ભમાં નવા પ્રવેશ લીધેલા વિદ્યાર્થીઓને SSIP અને INNOVATION થી માહિતગાર કરવા માટે ORIENTATION કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. યુવા વર્ગના મનમાં ઉભા થતા નવા યોગ્ય દિશા આપવા અને નવસંશોધનને વેગ આપવા માટે અત્રેની કોલેજમાં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓને ગુજરાત સરકાર અને કેસીજી દ્વારા કાર્યરત SSIP અને INNOVATION કઈ રીતે મદદરૂપ થઈ શકે તે અંગે સરળ રજૂઆત કરવામાં આવી. અત્રેની કોલેજના પ્રિન્સીપાલ ડો.પી.વી.બારસીયા સાહેબે વિદ્યાર્થીઓ નવસંશોધન અને નવતર પ્રયોગ માટે વિચારવંતા થાય તેવું પ્રોત્સાહક ઉદબોધન ઉદબોધન અંતર્ગત સાહેબે વિદ્યાર્થીઓને રોજીંદા જીવનમાં ઉપયોગી એવી બાબતો અને તેમાં કઈક નવું કરવાની પધ્ધતિ કઈ રીતે INNOVATION સાથે જોડવી તે અંગે ઊંડાણપૂર્વકની સમજ આપી. અત્રેની કોલેજના SSIP CO-ORDINATOR ડો.દિના લોઢીયા દ્વારા સરકારના પ્રકલ્પ SSIP તથા INNOVATION અંતર્ગત વિદ્યાર્થી પોતાનામાં પડેલી શક્તિને યોગ્ય દિશામાં લઈ જવા કઈ રીતે મદદરૂપ છે તે અંગે ઝીણવટ પૂર્વક માહિતી આપી. તેઓએ વિદ્યાર્થીઓને SSIP 2.0 અંગે યોગ્ય માહિતી અને માર્ગદર્શન આપ્યું. સમગ્ર કાર્યક્રમને અંતે વિદ્યાર્થીઓને પોતાના વિચારો અને સંશોધન માટેના પ્રયોગો રજુ કરવા આમંત્રિત કરવામાં આવ્યા. એકંદરે વિદ્યાર્થીઓની આંતરિક શક્તિઓને એક પ્લેટફોર્મ આપવા માટે પ્રસ્તુત કાર્યક્રમ પ્રથમ સોપાન તરીકે સફળ રહ્યો. કાર્યક્રમને અંતે વિદ્યાર્થીઓ પ્રશ્નોતરી દ્વારા માર્ગદર્શન આપવાનું પ્રયત્ન કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં કોલેજના તમામ પ્રાધ્યાપકો તથા ૭૫૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

### ભુજના હરીપરમાં ફાયરીંગ પ્રેકટીસ યોજાશે

ભુજ, ભુજ તાલુકાના હરીપર નજીક આવેલી ફિલ્ડ ફાયરિંગ રેન્જ નં. ૦૩(23JAT) ૦૪(52 Med Regt) ઉપર તા.૧૩ ઓગસ્ટ, ૨૦૨૪ના અને રેન્જ નં ઉપર તા.૦૬,૦૯,૧૭ઓગસ્ટ 75(I) InfBde Gp OMC ના તાબા હેઠળની આર્મ્સ ફાયરીંગ પ્રેક્ટીસ યોજવામાં આવનારી છે. જેથી આ ફાયરિંગ રેન્જમાં કોઈપણ વ્યક્તિઓએ પ્રવેશવું નહીં અથવા ઢોરોને પ્રવેશવા દેવા નહીં. તેમ છતાં કોઈપણ વ્યક્તિ ઉપરોક્ત ફાયરિંગ રેન્જમાં પ્રવેશશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ તે વ્યક્તિને ઢોરોને કોઈ નુકશાન થશે તો તેની પૂર્ણ જવાબદારી જે તે વ્યક્તિની રહેશે તેવું સબડિવીઝનલ મેજીસ્ટ્રેટ, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.

### ભુજમાં લોક અદાલત યોજાશે

ભુજ,જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન કચ્છ દ્વારા તા.૧૪/૯/૨૦૨૪ના રોજ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જે વકીલ તથા પક્ષકારોને જિલ્લા ગ્રાહક કમિશનમાં લોક અદાલત મારફતે સમાધાન કરવું હોય તેઓ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન ભુજ કચ્છની કચેરીના ફોન નં. અથવા ઈમેઈલ cdrfbhuj gmail.com પર સંપર્ક કરવા મદદનીશ નિયામકશ્રી, જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન, ભુજની અખબારી યાદીમાં જણાવાયું છે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - 30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● 30% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૦૭-૦૮-૨૦૨૪ બુધવાર

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઈક નવું...
(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

## રોહિશાના વતની અને બરોડા રહેતાં ગુણવંતરાય પોપટલાલ મહેતા પરિવાર દ્વારા

# વડોદરામાં જાફરાબાદવાસીઓનું સ્નેહમિલન યોજાયું

**જાફરાબાદથી શ્રી જયેશભાઈ ઠાકર, શ્રી જનક વોરા, શ્રી અશોક દોશી, શ્રી મયુરભાઈ મહેતા અને શ્રી હિરેન મહેતા આણંદથી, શ્રી નરેન્દ્ર જોશી અમદાવાદથી, શ્રી કરણ વોરા, સહિતની ઉપસ્થિતિ**

**રાસગરબાની રમઝટ બોલી : મહેમાનોનું ભવ્ય સ્વાગત : દરેક પરિવારોને કાર્યક્રમની યાદગીરી રૂપે મોમેન્ટો અર્પણ કરાયાં : આગેવાનોએ આયોજકોને બિરદાવી પ્રોત્સાહિત કર્યા : પ્રાસંગિક પ્રવચનો**





રાજુલા, (જયદેવ વરૂ)
વડોદરા એક એવું છે કે જ્યાં વસનારા ખૂબ જ રંગીન મિજાજ ના હોય છે અને જાફરાબાદ થી બરોડા આવ્યા બાદ અમો પણ દરેક રંગીન મિજાજી થયા છીએ તેના ભાગરૂપે આજરોજ તારીખ ૩/ ૮ /૨૪ ને શનિવારે મૂળ (રોહિસા) જાફરાબાદ હાલ બરોડા ના રહેવાસી ગુણવંતરાય પોપટલાલ મહેતા પરિવાર દ્વારા એક સ્નેહમિલનનું આયોજન તેઓના ફાર્મ હાઉસ ઉપર એટલે કે શહેરની બાર ખૂબ જ શાંત વાતાવરણમાં અને ખેતરોની વચ્ચે ગાઢ જંગલ જેવા વાતાવરણમાં ગોઠવવામાં આવેલ હતું અને ઉપરોક્ત પ્રસંગે ખાસ કરીને જાફરાબાદ થી જયેશભાઈ ઠાકર, જનક વોરા, અશોક દોશી, મયુરભાઈ મહેતા, અને હિરેન મહેતા આણંદ થી શ્રી નરેન્દ્ર જોશી અમદાવાદ થી કરણ વોરા, નિશાંત મશરૂ, ગોસ્વામી, સુરત થી રાજુ ભરતભાઈ ગોરડીયા કે જેઓ અમારા આમંત્રણ ને માન આપીને ખાસ દરેકે હાજરી આપી હતી અને આ પ્રસંગોને ખૂબ જ ઊજળો કરી બતાવ્યો હતો તેમજ વડોદરા ના મિસ્ત્રી પરિવાર, કેમકર, ફાટક, પ્રવીણ ઘાવરીયા, કૈલાશ બારૈયા, અનુપ બારીયા, અલકનંદા પારેખ, અલકાબેન શાહ, કૌશિક મહેતા જેવા સાથે ગઈકાલે મીઠા મેહુલિયા ની સંગાથે વરસાદી વાતાવરણ માં આ પ્રસંગને બહુ સરસ રીતે પાર પાડ્યો હતો તેમ જ બહારથી આવેલા મહેમાનોનું પુષ્પગુચ્છ થી સ્વાગત કરવામાં આવેલ અને દરેકની વ્યક્તિગત ઓળખાણ તેમજ કાર્ય પદ્ધતિ ની નોંધ લેવાયા હતી અને ત્યારબાદ વરસાદમાં ગરબા ની રમઝટ બોલાવી હતી આ પ્રસંગે ગુણવંતભાઈ પરિવાર તેઓના દરેક સભ્યો દીકરીઓ વહુ તેમજ જાફરાબાદી યુવાઓ પ્રસંગને અનુરૂપ સરાહનીય કાર્ય કરીને પ્રસંગને ઉજળો બનાવ્યો હતો. તેમજ આણંદ થી પધારેલા નરેન્દ્રભાઈ જોશી કે જેઓ જફરાબાદ સાથે સંકળાયેલા છે તેઓ હાલ આણંદમાં રહે છે તેઓનું કહેવાનું કે આણંદ માં શૈક્ષણિક હબ હોય તે અંગેની કોઈપણ કાર્યવાહી કે કામ તો મને યાદ કરશો તો હું ચોક્કસ મદદરૂપ થઈશ તેમજ હવે પછીનું સ્નેહમિલન આણંદ ખાતે કરવા અને તેનું યજમાન પદ નરેન્દ્રભાઈ જોષી ભાઈએ સ્વીકારેલ છે તેમજ ગુણવંતભાઈ મહેતાના નાના પુત્રવધુ કે જેઓ ન્યુટ્રીશસનિસ્ટ હોય તેઓએ પણ જાફરાવાદ વાસીઓ માટે કોઈપણ પ્રકારનું કામ હોય તો મદદરૂપ થવા જાહેરાત કરી હતી પ્રસંગે જાફરાબાદ બ્રહ્મ સમાજના પ્રમુખ જયેશભાઈ ઠાકર તેઓના વક્તવ્યમાં હાલની પરિસ્થિતિમાં આવા સ્નેહ મિલનો ખૂબ જ જરૂરી છે તેઓ આહવાહન કરેલ બરોડામાં અમારા દરેકના લાડીલા અગ્રણી કર્મનિષ્ઠ, માર્ગદર્શક એવા પ્રદીપભાઈ એન ગોરડીયા કે જેઓની હૂંફ થી અમો સ્નેહ મિલનને સાકાર કરી શક્યા છીએ અંતમાં જાફરાબાદ વાસીઓ દ્વારા યજમાન પરિવાર શાલ બહુમાન કરવામાં આવેલું હતું તેમજ દરેક પરિવારોને એક આ મિલનની યાદગીરી રૂપે મોમેન્ટો પ્રદાન કરવામાં આવેલ હતો સમગ્ર આયોજનને સફળ કરવા માટે પ્રદીપભાઈ ગોરડીયા, મહેશભાઈ ગોરડીયા, કલ્પેશભાઈ પારેખ, દેવેનભાઈ મહેતા, નૈનેશભાઈ મહેતા, યશવંત ગોરડીયા, મીતાબેન ગોરડીયા, દ્વારા સફળ આયોજન કરેલ હતું અને અમો ઈચ્છે છે કે નજીકના ભવિષ્યમાં હજી એક સારું આયોજન કરવા જઈ રહ્યા છીએ એ માટે ઈશ્વર અમોને શક્તિ પ્રદાન કરે સુરેશ મહેતા જાફરાબાદ બરોડાના રહીશ દ્વારા જણાવાયું હતું.

## જાફરાબાદ તાલુકા શાળાકીય રમોત્સવ અંતર્ગત

# જાફરાબાદમાં એથ્લેટીકસ સ્પર્ધા યોજાઇ

**૨૬૦ ભાઇઓ અને ૧૭૦ બહેનો ૪૭૬ બાળકો સહિતે ભાગ લીધો**



રાજુલા, (કનુભાઈ વરૂ)
તારીખ ૩૧ ૭ - ૨૦૨૪ ને સોમવારના રોજ જાફરાબાદ તાલુકામાં શાળાકીય રમતોત્સવ અંતર્ગત શ્રી નવરચના ઈંગ્લીશ મીડીયમ સ્કુલના યજમાન પદે એથલેટીક્સ નું આયોજન કરવામાં આવ્યું જેમાં ૩૧ તારીખના ભાઈઓ તથા ૧/૮/૨૦૨૪ ના રોજ બહેનોનું ખૂબ મોટાપાયે આયોજન કરવામાં આવ્યું જેમાં ભાઈઓમાં ૨૬૦ જેટલા યુવા ખેલાડીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધેલ અને બહેનોની અંદર ૧૭૦ જેટલા બહેનોએ મળીને કુલ ૪૭૬ જેટલા બાળકો એ વિવિધ ઈવેન્ટ ની અંદર ભાગ લીધેલ જેમાં લાંબી ઉંચી કૂદ ગોળા ફેંક ચક્ર ફેક ૧૦૦ મીટર દોડ ૨૦૦ મીટર દોડ ૪૦૦ મીટર દોડ ૮૦૦ મીટર દોડ અને ૧૫૦૦ મીટર દોડ જેવી વિવિધ રમતો ના એકત્રીકરણ સાથે તાલુકા કક્ષાના ખૂબ જ મોટા આયોજન સફળતાપૂર્વક નવરચના ઈંગ્લીશ મીડીયમ સ્કુલના મેદાનમાં પાર પાડવામાં આવ્યું જેમાં તાલુકાના રમતગમતના કન્વીનર શ્રી રાઠોડ તથા વિવિધ શાળાઓમાંથી આવેલા પીટી શિક્ષકોના જહેમતના અંતે આ આયોજન ખૂબ સુંદર રીતે પાર પાડવામાં આવ્યું આ રમતોત્સવ અંતર્ગત શાળાના ટ્રસ્ટી તથા યુવા ભાજપ પ્રમુખ શ્રી ચેતનભાઈ શિયાળના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું તથા ભીમભાઈ વરુ સભ્ય શ્રી તાલુકા પંચાયત એ પણ આમાં અતિથિ વિશેષ તરીકે હાજરી આપી તથા સંસ્થાના ટ્રસ્ટી ડો. યોગેશભાઈ સોલંકી ની હાજરી થકી કાર્યક્રમ ખૂબ જ સુંદર બની રહ્યો અને ખેલાડીઓમાં દિવસે અને દિવસે ખૂબ જ પ્રોત્સાહન મળે એ હેતુથી એમને બિરદાવવામાં આવ્યા આમ આ કાર્યક્રમને ખૂબ જ સારી રીતે પૂર્ણ કરી અને પ્રથમ ક્રમ જે વિદ્યાર્થીઓને પ્રાપ્ત થયો છે એવા વિદ્યાર્થીઓ આવનારા દિવસોમાં સરકારશ્રી જિલ્લા કક્ષાની રમતોના આયોજન માટેની તારીખો આપવામાં આવશે અને જે સ્થળ આપવામાં આવશે એ સ્થળ ઉપર આ કાર્યક્રમનું આયોજન થશે અને આવનારા દિવસોમાં જાફરાબાદ તાલુકાની અંદર રમતને પ્રોત્સાહન મળે એ હેતુથી શાળાના ટ્રસ્ટીશ્રી ચેતનભાઇ શિયાળે જિલ્લા કક્ષાનું પણ યજમાનપદ જાફરાબાદમાં મળે એ હેતુથી નવરચના ઈંગ્લીશ મીડીયમ સ્કુલના મેદાના ઉપયોગની આપવામાં આવી આ માવનારા દિવસોમાં જાફરાબાદના વિદ્યાર્થીઓને વિશેષ પ્રોત્સાહન મળે તેવા તમામ પ્રયત્ન કરવામાં આવ્યા અને આ સુંદર રમતોત્સવને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો.

## રાજુલાના શિવભક્તની અનોખી આસ્થા

# રાજુલામાં ૧૨૮મી વખત સોમનાથ પદયાત્રા પુર્ણ કરતાં શ્રી દિપક ઠેકેદાર

**૧૨૯મી પદયાત્રા માટે આગેવાનોએ વિદાયમાન આપ્યું**



રાજુલા, રાજુલા શહેરમાં રહેતા એક શિવભક્તની અનોખી આસ્થા જોવા મળી રહી છે ૧૨૮ વખત પદયાત્રા કરી ૧૨૯મી પદયાત્રાનો આજથી પ્રારંભ કર્યો હતો જેને વિદાયમાંન આપવામાં આવ્યું હતું. રાજુલા શહેરમાં રહેતા દીપકભાઈ શાહ ઉર્ફે ઠેકેદાર છેલ્લા ઘણા વર્ષોથી શ્રાવણ માસમાં દર સોમવારે સોમનાથ સુધી રાજુલા થી ૧૩૦ કિલોમીટર ની પદયાત્રા કરે છે ૧૨૮ પદયાત્રા પૂર્ણ કરેલ છે અને આજે ૧૨૯ યાત્રા માટે તેઓ રવાના થયા હતા અને આગામી શ્રાવણ માસના પાંચ સોમવાર તેઓ પદયાત્રા કરી રાજુલા થી સોમનાથ પહોંચશે અને તેની અનોખી આસ્થા જોવા મળી રહી છે આજરોજ આજરોજ રાજુલા કોટેશ્વર મહાદેવથી તેની પદયાત્રાનો પ્રારંભ કર્યો હતો આ શિવભક્ત દીપકભાઈ શાહને ધારાસભ્ય હીરાભાઈ સોલંકી તથા માર્કેટિંગ યાર્ડના પ્રમુખશ્રી જીગ્નેશભાઈ તથા ભાજપ શહેર પ્રમુખ હરસુરભાઈ નિંગાળા તથા મીડીયાસેલ ભાજપના પ્રમુખ સાગરભાઈ સરવૈયા દ્વારા સન્માન કરી બિરદાવ્યા હતા અને યાત્રા માટે રવાના કર્યા હતા.

# રાજુલા પોસ્ટ ઓફિસમાં આધાર કાર્ડની કામગીરી બંધ

**રેગ્યુલર કામગીરી શરૂ રાખવા લોક માંગણી : જિલ્લા ફરિયાદ સંકલનમાં રજુઆત**



રાજુલા, (કનુભાઈ વરૂ)
રાજુલા શહેરમાં હાલ મામલતદાર કચેરીમાં આધાર કાર્ડની કામગીરી શરૂ થઈ રહી છે જ્યાં એક આઈડી છે જેથી ટ્રાફિક વધારે રહેતું હોય ત્યારે તેના વિકલ્પમાં અન્ય જગ્યાએ આધાર કાર્ડની કામગીરી શરૂ થાય તેવી પ્રજાજનોની માંગણી હતી આજે તાલુકા ફરિયાદ સંકલનમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા પણ આ આધાર કાર્ડની રજૂઆત કરવામાં આવી હતી. જાણવા મળતી વિગત મુજબ રાજુલા શહેરમાં આવેલી પોસ્ટ ઓફિસ એસબીઆઈ બેન્ક અન્ય રાષ્ટ્રીયકૃત બેંકોમાં આધાર કાર્ડ બનાવવા માટે અને આધાર કાર્ડની કામગીરી માટે આરડીઓ છે પરંતુ આ વિભાગમાં કોઈપણ પ્રકારની આધાર કાર્ડની કામગીરી સમયાંતરે થતી નથી પોસ્ટ ઓફિસ રાજુલા શહેરની વચ્ચે આવેલી છે બેંકો પણ રાજુલા શહેરમાંથી આવેલા છે આથી જો અહીં પણ આધાર કાર્ડની કામગીરી શરૂ કરવામાં આવે તો શહેરીજનોને છેક ચાર કિલોમીટર મામલતદાર કચેરીએ જવું ન પડે ઉપરાંત રાજુલા મામલતદાર કચેરીમાં આઈડી ઉપર ભાર ન પડે અને ટ્રાફિક પણ ન સર્જાય ત્યારે આ બધા વિભાગોમાં આધાર કાર્ડની કામગીરી શરૂ કરવામાં આવે અને તે માટે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી એ ફરિયાદ સંકલનમાં રજૂઆત કરી હતી. આ ઉપરાંત રાજુલાના ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાઓ રાજુલા શહેરમાં કચરાની ગાડીઓ તેમાં જીપીએસ ગોઠવવા સહિતના નાના-મોટા પ્રશ્ન બાબતે સંકલનમાં અધિકારીઓ સમક્ષ આ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા આ બેઠકમાં ડેપ્યુટી કલેકટર શ્રી બરાસરા મામલતદાર શ્રી પી.આઈ ગીડા એસટી ડેપો મેનેજર જોષી પાણી પુરવઠા તથા પીજીવીસીએલના તથા સ્થાનિક માર્કેટિંગ યાર્ડના પ્રમુખ જીગ્નેશભાઈ તથા તાલુકા ભાજપ પ્રમુખ હરસુરભાઈ નિંગાળા તથા બાલાભાઈ સાખટ તથા કાનાભાઈ ગોહિલ તથા ભાજપના આગેવાનો તથા સમિતિના ઉપસ્થિત રહ્યા હતા

# જાફરાબાદમાં ગટરના ખુલ્લા ઢાંકણા કોઇનો ભોગ લેશે

**નગરપાલિકાની બેદરકારી સામે લોકોમાં રોષ : ખુલ્લી ગટરોને કારણે ગમે ત્યારે અકસ્માત સર્જાશે**



રાજુલા, (કનુભાઈ વરૂ)
જાફરાબાદ નગપાલિકા આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસે એ જાફરાબાદ નગરપાલીકા ગંભીર બેદરકારી ને લઇ કોઈ મોટી દુઘર્ટના ની રાહ જોઈ રહી છે બંદચોક કે જ્યાં મોટી સંખ્યામાં નાગરિકો નાના મહિલાઓ સિનિયર સિટીઝન અહીંથી પસાર થતાં હોય છે. પરંતુ અહીં ભૂગર્ભ ગટર ખુલ્લી હાલમાં હોય પરંતુ પાલિકા આ ખુલ્લી ગટરના ઢાંકણા બંધ કરવા ની કોઈ જાતની કાર્યવાહી કરવામાં નથી આવતી અહીં મોટી સંખ્યામાં તહેવારો ની ઉજવણી થતી હોય તેમાં રાષ્ટ્રીય તહેવાર ઉજવવામાં આવે ત્યારે સ્કુલ ના નાના ભૂલકાઓ વિધાર્થીઓ સંખ્યામાં હોય પરંતુ આ ખુલ્લી ગટરના કારણે મોટી દુર્ઘટના ઘટી શકે તેમ હોય પરંતુ પાલિકાના જવાબદાર અધિકારીના ધ્યાન ઉપર આવતું નથી આ બંદચોક માં બસસ્ટેશન હોવાથી અહીં મુસાફર જનતા ની અહીંથી અવરજવર હોય રાત્રીના સમયે કોઈ કારણસર લાઈટ ગુલ થતા કોઈ મુસાફર આ ખુલ્લી ગટર હોવાથી કોઈ જીંદગી નો ભોગ લઈ લેશે ત્યારે પાલિકા આ ખુલ્લું મોત ઢાંકવામાં આવશે? અહીંથી બજારમાં જવા માટે મોટી સંખ્યામાં લોકોનો અવરજવર હોય અને આજુબાજુ દુકાનો પર આવેલી હોવાથી કોઈ વ્યક્તિ આ ખુલ્લી ગટર માં પડી જવાથી હાથ પાટું ભાંગી જાય તેવી સ્થિતિમાં હોય અહીં લોકોના રહેણાંક મકાનો પણ આવેલા કોઈ બાળક રમતા રમતા આ ખુલ્લી ગટર માં પડી જવાથી કોઈ મોટી જાનહાનિ થઈ તો જવાબદારી કોની?

## પુ. મોરારીબાપુને ન્યુયોર્કમાં યુનો દ્વારા એવોર્ડ અપાયો

# યુનોમાં પુ. શ્રી મોરારીબાપુનું સૌથી મોટું સન્માન

**બે વિશ્વયુદ્ધ વાણીને લીધે થયા ત્રીજા પાણીને લીધે થશે : પૂજ્ય મોરારીબાપુ**



રાજુલા, (કનુભાઈ વરૂ) દેશભરમાં કથા અને કથાકાર ની યુનો માં કથા ન્યૂયોર્કમાં સૌથી મોટા મોટું સન્માન પ્રથમવાર આપવામાં આવ્યું એવોર્ડ પણ અર્પણ કરવામાં આવ્યો આ પ્રસંગે મૃત્યુતર આપતા પૂજ્ય મોરારીબાપુ એ જણાવ્યું કે બે વિશ્વયુદ્ધ વાણીને લીધે થયા હતા હવે ત્રીજા વિશ્વયુદ્ધ પાણી માટે થશે આજે વિશ્વનો યંત્ર માનવ કે તંત્ર માનવને બદલે માનવાને વધુ જરૂર છે મંત્રોનો અર્થ છે સમજદાર વિચારો હૃદય પૂર્વકના વિચારો વિશ્વમાં સત્ય પ્રેમ અને કરુણાના સંદેશને ફેલાવવાના હેતુથી આ કથા નો પ્રારંભ આ દેશથી કરવામાં આવ્યો હતો.

# અમરેલીમાં એસટી કર્મચારીઓના પ્રશ્ને રજુઆત

**અનુસુચિત જાતિના સામાજિક કાર્યકર શ્રી ચાવડા અને કર્મચારીઓ દ્વારા રજુઆત કરાઇ**

અમરેલી,
અમરેલી એસટી ડેપોના કર્મચારીઓના નોકરી બાબત ડયુટી લીસ્ટ પ્રશ્ને તેમજ કર્મચારીઓના વિવિધ પ્રશ્નો અંગે અનુસુચિત જાતિના સામાજિક કાર્યકરો વસંતભાઈ ચાવડા તેમજ ડેપોના કર્મચારીઓ સાથે અમરેલીના વિભાગીય નિયામક શ્રી ધામા અને વહીવટી શ્રી અનાસારીને કર્મચારીઓના વિવિધ મુદે સામાજિક કાર્યકર વસંતભાઈ ચાવડા અને કર્મચારીઓ દ્વારા પોતાને પડતી હાલાકી પ્રશ્ને મુદાસર વિભાગીય નિયામકશ્રી ધામા અને વહીવટી શ્રી અનસારીને રજુઆત કરવામાં આવતાં કર્મચારીઓના પ્રશ્ને યોગ્ય કાર્યવાહી કરવા ખાત્રી આપી હતી.

બાલક્રિષ્ના ટ્રેક્ટર્સ
આયશર 188 (મીની) ટ્રેક્ટર
રૂા.૨,૫૧,૯૯૯/-* સ્પે.ઓફર
ફક્ત રૂા.૧ લાવો ટ્રેક્ટર ઘરે લઇ જાઓ
ગર્વમેન્ટ સબસીડી માન્ય
● પાવરફુલ એરકુલ્ડ એન્જીન
● ૧૦ સ્પીડ ગિયરબોક્સ
● તેલમાં ડુબેલી બ્રેક્સ
*શરતોને આધિન
રાજુલા, સાવરકુંડલા, અમરેલી મો.૯૯૦૪૩૨૨૬૬૧/૬૪/૬૫

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર આવૃતિ
AVADH TIMES GROUP
પાના નં. ૮ તા.૦૭-૦૮-૨૦૨૪ બુધવાર

ખરજવાની જળો દ્વારા અપાતી અકસીર સારવાર
સુકા, તથા લીલા ખરજવા, ધાધર, શીળસ, ખુજલી, ખસ, લોહી, મંઠાઈ જેવું પાકી ગયેલ રસોળી, ગડગુમડ, સફેદ ડાઘ, સોરાયસીસ, સાંધાનો-વાનો માથાનો દુઃખાવો, ખીલ, વાઢીયા, કરોળીયા, હર્નીસ, હરસ-મસા-ભંગંદર, જેવા હઠીલા રોગોના જળો દ્વારા ખરાબ લોહી ચુસીને 100% મટાડી શકાય છે.
✚ કૈલાશ કલીનીક ✚
જળો દ્વારા કુદરતી ઉપચાર કેન્દ્ર
ડો. એલ.એલ. બાવળીયા B.A.M.S., M.D. (H.M.)
ડો. ભરત એલ. બાવળીયા B.A.S.M., M.D. (H.M.)
હનુમાન પરા રોડ, મોહન નગર, અમરેલી. ફોન :- (૦૨૭૯૨) ૨૩૨૫૦૫

## અવધ ટાઇમ્સની સીધી વાત

### અમરેલીના પ્રથમ નાગરિક અને નગરપાલિકાના પ્રમુખ શ્રી બીપીન લીંબાણીની અવધ ટાઇમ્સ સાથે સીધી વાતચીત

# અમરેલીને સજ્જ કરવા નિષ્ઠાથી પ્રયાસો : શ્રી બીપીન લીંબાણી

### જેના માટે લોકોએ અવારનવાર રજુઆતો કરવી પડતી હતી તેવા નાના નાના પણ લોકો માટે અનેક મોટા પ્રશ્નો કોઇ પણ રજુઆતો વગર હલ થઇ રહયા છે

### પાલિકાએ નાના બસસ્ટેન્ડે લોકો માટે વરસાદ-તડકા સામે રક્ષણ આપતુ છાપરુ નાખ્યું : સારુ કામ કરનારને લોકોનો પણ સહયોગ મળી રહે છે : શ્રી લીંબાણી



અમરેલી, (ફીલ્ડ રિર્પોટર) અમરેલી પાલિકાના પ્રમુખ પદે હાલમાં સંનિષ્ઠ એવા સરળ સ્વભાવના પ્રમુખશ્રી બીપીન લીંબાણી સેવા આપી રહયા છે ભાજપના કાર્યકર્તા એવા અમરેલીના પ્રથમ નાગરિક અને નગરપાલિકાના પ્રમુખ શ્રી બીપીન લીંબાણીએ અવધ ટાઈમ્સ સાથે સીધી વાતચીત અમરેલીને સજ્જ કરવા નિષ્ઠાથી પ્રયાસો કરાઇ રહયા હોવાનું જણાવ્યું હતુ.

શ્રી બીપીન લીંબાણીએ જણાવેલ કે શ્રી મુકેશ સંઘાણીની ટીમ નગરપાલિકા દ્વારા જેના માટે લોકોએ અવારનવાર રજુઆતો કરવી પડતી હતી તેવા હોય સાવ નાના નાના પ્રશ્નો પણ લોકો માટે તે મોટા પ્રશ્નો હોય તેને કોઈ પણ રજુઆતો વગર હલ કરવામાં આવી રહયા છે.

અમરેલી નગરપાલિકાએ નાના બસસ્ટેન્ડે લોકો માટે વરસાદ-તડકા સામે રક્ષણ આપતુ છાપરુ નાખ્યું છે જેનાથી વરસાદ સામે રક્ષણ મળી રહેશે અત્રે એ ઉલ્લેખનીય છે કે અગાઉ નાના બસસ્ટેન્ડે લોકો વરસાદમાં પલળતા હતા પણ તેમની આ સમસ્યા પણ જાગૃત ધારાસભ્ય શ્રી કૌશિક વેકરિયાના સુચનથી યુધ્ધના ધોરણે શરૂ કરાઈ છે કારણ કે, સારુ કામ કરનારને લોકોનો પણ સહયોગ મળી રહે છે.

શ્રી બીપીન લીંબાણીએ અવધ ટાઈમ્સ સાથેની વાતમાં જણાવેલ કે, અમરેલીમાં પીવાના પાણીનો પ્રશ્ન વધતી જતી વસ્તીના કારણે મોટો ન બને તેના માટે અને છેવાડાના વિસ્તારોને પુરા ફોર્સથી પાણી મળતુ રહે તે માટે અમરેલીના ઝડપથી વિકસતા જતા લાઠી રોડ ઉપર પાણી વિતરણ માટે નવા સંપનું કામ પુરજોશમાં શરૂ છે.

અમરેલીમાં દુષ્કાળના સમયે લોકોને રોજી આપવા માટે શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે બંધાવેલા અને ગાયકવાડી શાસનની યાદ અપાવતા અમરેલીના આઈકોન જેવા ટાવરને હેરીટેજમાં લેવા માટે પ્રયાસો નગર પાલીકા દ્વારા કરાઈ રહયા છે. અમરેલીના નાગનાથ મંદિર સામે નાના નાના બેથી ત્રણ માર્ગ એક સાથે ભેગા થતા હતા ત્યા નાના લોખંડના પીલોર નાખી ત્યા થતા નાના મોટા અકસ્માતો નગર પાલિકાએ અટકાવ્યા છે.

હવે ઝડપભેર વિકસી રહેલા આપણા અમરેલી શહેરની વધતી જતી વસ્તીની જરુરીયાતોને પહોંચી વળવા માટે વિકાસની સાથે તાલ મીલાવવા પ્રયાસ કરીએ છીએ તેમ શ્રી લીંબાણીએ જણાવ્યું હતુ.

અમરેલી શહેરમાં નગર પાલિકા એટલે કાંટાળો તાજ કહેવામાં આવે છે પણ શ્રી બીપીન લીંબાણી નોખી માટીના માનવી છે તેમણે હમણા જ તેમની સામે કરાઈ રહેલા અપપ્રચારને જવાબ આપતા જણાવેલ કે તેમના કાર્યકાળ દરમિયાન જો કોઈ એક પૈસાની પણ ગેરરીતી સાબીત કરી બતાવે તો જાહેરજીવન છોડી દઈશ. આવી હીમત દર્શાવનાર અમરેલીના સુકાની શ્રી બીપીન લીંબાણીએ અમરેલીને સારા શહેર તરીકે સજ્જ કરવા પાલિકા તત્પર હોવાનું જણાવેલ હતુ.

### અમરેલીના લાઠી રોડ ઉપર પાણી વિતરણ માટે નવા સંપનું કામ પુરજોશમાં શરૂ, ગાયકવાડી શાસનની યાદ અપાવતા ટાવરને હેરીટેજમાં લેવા માટે પ્રયાસો

### નાગનાથ મંદિર સામે પીલોર નાખી અકસ્માતો થતા અટકાવ્યા : વિકસતા અમરેલીની વધતી વસ્તી સાથે તાલ મીલાવવા પ્રયાસ કરીએ છીએ : શ્રી લીંબાણી

સનેડો વાહન પુરપાટ ઝડપે જતુ હતુ અને ખાબક્યું

## રીંગણીયાળા ગામ નજીક પુલ ઉપરથી સનેડો વાહન ખાબકતા યુવાન મોત


### વધુ પડતુ લીવર આપી દેતા બનેલી ઘટના



રાજુલા, (જયદેવ વરૂ) રાજુલા તાલુકાના વડલી ગામના ગાગજીભાઈ ભવાનભાઈ બલદાણીયા ઉંમર ૨૫ પોતાની વાડીએથી ખેતી કામ કરવા માટેનો સનેડો વાહન લઈ રીંગણીયાળા નજીક પોહ્ચતા વધુ પડતું લીવર આપી દેતા પુરપાટ સ્પીડમાં પુલ નીચે ખાબકતા અકસ્માત સર્જાયો જેમાં ઘટના સ્થળેજ વધુ ગંભીર ઈજાઓ થતા મોત નીપજ્યું છે ઘટનાની થાત તાત્કાલિક રાજુલા હોસ્પિટલ ખસેડ્યા પરંતુ ફરજ પરના ડોક્ટર દ્વારા મૃત જાહેર કરવામાં આવ્યા છે રાજુલા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ વધુ તપાસ હાથ ધરી અને અકસ્માતનો ગુન્હો નોંધવા તજવીજ હાથ ધરી મૃતકના પરિવારજનો સહીત લોકો હોસ્પિટલમાં દોડી આવ્યા હતાં. યુવાનનું મોત થતા પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો હતો.

## બગસરામાં એલપીજી ગેસના બાટલા ભરેલ રીક્ષા વિજપોલ સાથે અથડાઇ

### અકસ્માત સર્જાતા કલાકો સુધી રોડ બંધ થઇ ગયો



બગસરા, (સમીર વિરાણી) બગસરામાં એલપીજી ગેસના બાટલા ભરેલ રીક્ષા ના પોલ સાથે અથડાતા પોલ ઢળી પડ્યો અને રીક્ષાના ટેકે થાંભલો અટક્યો અને તેના હિસાબે કોઈ જાનહાનિ થયેલ નથી પરંતુ થાંભલા સાથે રીક્ષા અથડાઈ હતી અને પાંચ કલાક પછી થાંભલો ફીટ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

(અનુ. પાના નં.૫)

LG
FREEDOM OFFERS
26% CASHBACK
3 YEAR WARRANTY
FIXED EMI ₹1999
LG FREEDOM CARNIVAL 02nd - 15th August
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો. 99 74 77 23 77

### ટીંબી-હેમાળ વચ્ચે સ્વિફ્ટ કાર ગાયનાં ટોળા સાથે અથડાઇ : ત્રણ ગાયનાં અને એક વ્યક્તિનાં મોત (૩)

### અમરાપુરમાં સ્વામિ નાયરાણ મંદિરના ગાદી પતિ સાથે રૂા. ૨૮ લાખ ઉપરાંતની છેતરપિંડી (૪)

Swara Skin/Hair/Laser Clinic
ડો. ચિરાગ વામજા (એમ.ડી. સ્કીન.)
ઉપલબ્ધ સુવિધાઓ
મસા, ખીલ, ધાધર, ખરજવું, ખરતાં વાળ, કપાસી
લેસર હેર રીમુવલ, કેમિકલ પિલિંગ, હેર ટ્રાન્સપ્લાન્ટ, પી.આર.પી. ટ્રીટમેન્ટ, હાઇડ્રા ફેશિયલ, મીસો થેરાપી
કલરવ હોસ્પિટલ
C/O. કેરીયા રોડ રેલવે અંડરબ્રીજ પાસે, અમરેલી. 92651 07698

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડૉ. ઉત્સવ ઉનડકટ (ઇન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) ૮૧૯૭૩ ૯૧૫૬૬
તા.૧૧-૦૮-૨૪ ને રવિવારે સવારે ૦૯:૦૦ થી સાંજના ૦૬:૦૦
ડૉ. અંકિત માકડીયા (ગેસ્ટ્રોએન્ટેરોલોજીસ્ટ અને હીપેટોલોજીસ્ટ)
૮૭૯૬૪ ૩૬૭૪૯, તા.૬-૮-૨૪ મંગળવારે સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦
ડૉ. પ્રતિક પટેલ (ન્યુરો-સ્પાઇન સર્જન)
૯૪૨૮૨ ૦૩૧૦૧, તા.૭-૮-૨૪ બુધવારે સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦
(જુના દરેક રીપોર્ટ સાથે લઇને આવવા)
નામ નોંધાવવા માટે - ફોન : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨ - ૨૯૬૪૩૪
કાયમી કન્સલ્ટન્ટ ::- ડો.ડી.એમ.ઉનડકટ (એમ.ડી.)
ડો.રૂચિતા જેઠવા (એમ.ડી) ડો.આર.ડી.ઘોડાસરા (એમ.એસ.)
ડો.દ્રષ્ટિ પંડયા (બીપીટી - ફીજીયોથેરાપીસ્ટ)
અનંતા હોસ્પિટલ, નિકોલ-અમદાવાદ-કાયમી કન્સલ્ટન્ટ
ડો.ઉત્સવ ઉનડકટ (ઇન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) મો.૮૧૯૭૩ ૯૧૫૬૬
ડો.કોમલ વ્યાસ ઉનડકટ મો.૯૯૧૩૬ ૪૮૪૩૦
(ડી.એન.બી.-ગાયનેક, ઇન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ)

ભગવાન સૌનું ભલુ કરો...
– રાજી રેજો
પ.પૂ. યોગીજી મહારાજ

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
24x7 Emergency Services
સગર્ભા બહેનો માટે ખુશખબર...
હવે ગાયનેક વિભાગ દ્વારા ફ્રી સોનોગ્રાફી ઉપલબ્ધ
અમરેલી જીલ્લાની સગર્ભા બેહનોના હિતમાં નિર્ણય લઈ ફ્રી સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે
કેસ ફી માત્ર ₹50
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦

શું તમે પથરીના દુ:ખાવાથી પરેશાન છો ?
ઓપરેશન કરાવવામાં ડર લાગે છે?
તો આજે જ
મારૂતિ ક્લિનિક
ની મુલાકાત લ્યો.
અહીંયા ઓપરેશન વગર હોમિયોપેથીક દવા દ્વારા પથરીની સારવાર કરવામાં આવે છે
પથરીની સારવારની વિશેષ માહિતી માટે!
ડો.આકાશ આર.જાવિયા ડો.હિના એ.જાવિયા
9662635124
દુ.નં.૧૦, ગ્રાઉન્ડ ફ્લોર, લાઇફ લાઇન કોર્નર બિલ્ડીંગ, માણેકપરા મેઇન રોડ, નારી હોસ્પિટલની સામે, અમરેલી

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી તથા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતિ તથા દુરબીનથી થતા ઓપરેશનનાં નિષ્ણાંત
મો.૯૩૨૭૩ ૬૧૦૮૪
ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
મો.૯૭૨૩૭ ૯૯૦૯૧
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી

SAMBHAAV HOSPITAL
સમભાવ ન્યુરોસાઇક્રીયાટ્રી કિલનીક
માનસિક રોગોના ખ્યાતી પ્રાપ્ત નિષ્ણાંત
ડો. અંકિત એચ. મોગા M.B., D.P.M. (Pcy.)
મગજ, માનસિક, મનોજાતિય અને વ્યસનમુક્તિના નિષ્ણાંત
ઉપલબ્ધ સુવિધાઓ
માથાનો દુ:ખાવો, આંચકી ને લગતા રોગો, વિચારવાયુને લગતા રોગો, ઉદાસી, ચિંતા, તણાવ, હતાશા, વધારે પડતો ગુસ્સો આવવો, ધુન રોગ, દ્વિધ્રુવીય રોગ, આપઘાતના વિચારો આવવા, બાળકોને લગતા માનસિક રોગ, વૃદ્ધાવસ્થાને લગતા માનસિક રોગ વગેરેની સારવાર
સોમ થી શનિ સવારે : ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮
માણેકપરા, લાઇફ લાઇન કોર્નર સામે, ડો.ધડુક સાહેબની હોસ્પિટલની બાજુમાં, સ્વામિનારાયણ મંદિર રોડ, અમરેલી
અપોઇમેન્ટ માટે મો.૭૫૬૭૨ ૭૬૩૬૯

અમરેલી જિલ્લાના આયુષ્માન કાર્ડ ધારકો માટે ખુશ ખબર...
શ્રી રાઘવેન્દ્ર મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ (ડો.રામાનુજ હોસ્પિટલ) ખાતે
યુરોલોજી વિભાગ
આયુષ્માનકાર્ડ ધારકોને યુરોલોજી વિભાગમાં પથરી, પ્રોસ્ટેટ તથા મૂત્રમાર્ગને લગતાં ઓપરેશન નિ:શૂલ્ક (ફ્રી) કરી આપવામાં આવશે.
શ્રી રાઘવેન્દ્ર મલ્ટિ - સ્પેશ્યાલીટી હોસ્પિટલ
કેરીયા રોડ, રેલ્વે અંડર બ્રીજ પાસે, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૯૫૮૦ / ૨૩૩૫૮૦ મો.૬૩૫૩૧ ૧૩૭૭૨

શ્રધ્ધાંજલી / બેસણું



અ.નિ. સમજુબેન રાણાભાઈ શિંગાળા
અ.નિ.તા.૦૪-૦૮-૨૦૨૪, રવિવાર, મુ.અમરેલી
અમારા પુ.માતૃશ્રી સમજુબેન રાણાભાઈ શિંગાળા તા.૦૪-૦૮-૨૦૨૪ને રવિવારના રોજ અક્ષરવાસ પામેલ છે.
ચંદન સમુ જીવન જીવીને સુખ સહુને દઈ ગયા,
આપના ઉત્તમ સંસ્કારો પરિવારને આપી ગયા,
જીવનભર પરિશ્રમ કરીને પરિવારને સુખી અને સમૃધ્ધ બનાવી ગયા.
પરમ કૃપાળુ શ્રીજીમહારાજ સદગતના આત્માને શાંતી આપે એ જ પ્રાર્થના.
સદગતનું બેસણું
તારીખ : ૦૮-૦૮-૨૦૨૪ ને ગુરૂવારના રોજ
સમય : સવારે ૮ થી ૧૧, બપોરે ૪ થી ૬ સુધી
સ્થળ : કેરીયા રોડ, ભોજલપરા, ક્રિષ્ના બેન્કવેટ હોલ અમરેલી મુકામે રાખેલ છે.
લી.
મનુભાઈ રાણાભાઈ શિંગાળા (મટુકી કેટરર્સ - રાજકોટ)
અરજણભાઈ રાણાભાઈ શિંગાળા (શ્યામ કેટરર્સ - અમરેલી)
રમેશભાઈ રાણાભાઈ શિંગાળા (ક્રિષ્ના કેટરર્સ - અમરેલી)